પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક
www.panchmahalsamachar.com

# પંચમહાલ સમાચાર

E-mail : panchmahalsamachar@gmail.com
Panchmahal Samachar Daily News

RNI NO:- 67073/97
વર્ષ:૨૫, અંક:૧૭, કુલ પાના:૪, તારીખ: ૧૧-૦૯-૨૦૨૧ શનિવાર, કિંમત રૂ.૧.૫૦/-,VOLUME/YEAR : 25, ISSUE : 17 PRICE :-RS. 1.50 DATE : 11-09-2021
EDITOR, PRINTER PUBLISHER & OWNER : KARAN AJAYKUMAR PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL(GUJARAT)
PRINTED AT: PANCHMAHAL PRESS, MODINI VADI NO-1, STATION ROAD,GODHRA.(PMS) MOBILE : 9429052627 (02672-243351)
Whatsapp No.9712880678

પંચમહાલ સમાચાર ઈ-પેપર જોવા વોટ્સએપ પર નામ લખી મેસેજ કરો. મો.૯૦૫૪૪ ૨૫૧૦૦

## ખાદ્ય તેલોના વધતા જતા ભાવને અંકુશમાં લેવા સરકારે આયાત ડ્યુટીમાં ઘટાડો કર્યો

નવી દિલ્હી,

છેલ્લા એક વર્ષમાં પામ તેલ, સૂર્યમુખી, સોયા તેલ, મગફળી, સરસવ અને વનસ્પતિ જેવા છ ખાદ્ય તેલના સરેરાશ છૂટક ભાવમાં ૨૦-૫૦ ટકાનો વધારો યો છે. ૪ સપ્ટેમ્બરના રોજ ખાધતેલ સચિવ પાંડેએ કહ્યું કે નવા પાકના આગમન સો ખાદ્યતેલના ભાવ ડિસેમ્બરી નરમ પડવા લાગશે, પરંતુ વૈશ્વિક ચિંતા વચ્ચે ઘટવાને બદલે વધારાની શકયતા છે. ભારત તેની ખાદ્યતેલની ૬૦ ટકા માંગ આયાત કી



પૂરી કરે છે. વિના પામ, નહીં ઉદ્ધાર.. પામ ઓઈલની ઘરેલું માંગ વધતા આયાતમાં નોંધપાત્ર ઉછાળો યાવત જ છે. ઓગસ્ટ માસમાં આયાતી પામ તેલમાં ૩૨ ટકાનો વધારો નોંધાયો છે. ઘરેલુ માંગ સંતોષવા આયાત વધારવા સિવાય હાલ બીજો કોઈ વિકલ્પ ની. પામોલી તેલની આયાત, ઓગસ્ટ માસમાં આયાત ૭.૪૩ લીટર મિલિયન ટન ઈ હતી જે જુલાઈમાં ૫.૬૫ કખઝ રહી હતી. જે પાછલા મહિનાની સરખામણીએ ૩૧.૫૦% વધી છે. વર્ષ ૨૦૧૯, ૨૦૨૦ અને ૨૦૨૧ માટે પામતેલની કુલ આયાત (ક્રૂડ અને રિફાઈન્ડ) અનુક્રમે ૮.૮૧ કખઝ, ૭.૪૮ કખઝ અને ૭.૪૩ કખઝ હતી જે હજુ પણ સામાન્ય માંગ કરતાં ઓછી છે. માંગ અને પુરવઠા વચ્ચેના તફાવતને કારણે, દેશમાં લગભગ ૬૦% ખાદ્યતેલની માંગ આયાત દ્વારા સંતોષાય છે. જેમાં, પામતેલ મુખ્યત્વે ઈન્ડોનેશિયા અને મલેશિયાી આયાત કરેલા કુલ ખાદ્ય તેલના ૫૪% જેટલું છે. જ્યારે સોયાબીન તેલ આશરે ૨૫% છે જે આર્જેન્ટિના અને બ્રાઝિલી આયાત હો ય છે. સૂર્યમુખી તેલ ૧૯% છે અને મુખ્યત્વે યુક્રેની આયાત હો ય છે. ઘરેલુ માંગ વધી છે તો સામે પુરવઠો અપૂરતો રહેતા સંગ્રહખોરી તેમજ ખાદ્ય તેલની કિંમતો વધી છે. જેને નિયંત્રિત કરવા માટે કેન્દ્રએ રાજ્ય સરકારોને વેપારીઓ, મિલ માલિકો, રિફાઈનરી એકમોના સ્ટોક વિકલી બેઈઝ એટલે કે અઠવાડિયે અઠવાડિયે ચેક કરવા તેમજ દર અઠવાડિયે ભાવ જોવા ઉપરાંત તેલીબિયાંના સ્ટોક વિશે વિગતો એકત્ર કરવા નિર્દેશ આપ્યા છે. કેન્દ્રીય ઉપભોક્તા બાબતોના મંત્રાલયે રાજ્ય સરકારોને આવશ્યક ચીજવસ્તુ અધિનિયમ- ૧૯૫૫ હેઠળ વિગતો એકત્ર કરવા જણાવ્યું છે. મંત્રાલયે એક પત્ર જારી કરી જણાવ્યું છે કે, ખાદ્ય તેલોના વધતા જતા ભાવને અંકુશમાં લેવા સરકારે આયાત ડ્યુટીમાં ઘટાડો કર્યો છે. પરંતુ તેમ છતાં ખાદ્ય તેલ/તેલીબિયાંના ભાવમાં વધારો ઈ રહ્યો છે જેની પાછળનું કારણ સ્ટોક ધારકો દ્વારા સંગ્રહખોરી હોઈ શકે છે. આ પ્રકારની સંગ્રહખોરી રોકવા રાજ્યોને માત્ર મિલરો, રિફાઈનર્સ, જથ્થો બંધ વેપારીઓને વિગતો જાહેર કરવા માટે જ નહીં, પણ સાપ્તાહિક ધોરણે ખાદ્ય તેલ અને તેલીબિયાંના ભાવોનું નિરીક્ષણ કરવા પણ રાજ્યોને સુચવાયું છે. આ ઉપરાંત, મંત્રાલયે પત્રમાં રાજ્યોને સ્ટોકિસ્ટ્સને સ્ટોક જાહેર કરવા માટે ઓનલાઈન પોર્ટલ પર પહોંચ આપવા માટે પણ કહેવામાં આવ્યું છે. મંત્રાલયે જણાવ્યું કે, આ પ્રકારનું પગલું એ સુનિશ્ચિત કરવા માટે લેવામાં આવી રહ્યું છે કે કોઈ પણ પ્રકારની સંગ્રહખોરીના કારણે કોઈ ગેરવાજબીના કારણે ખાદ્ય તેલમાં વધારો તો ની ને..! ખાદ્ય સચિવ સુધાંશુ પાંડે આજરોજ તમામ રાજ્યના અધિકારીઓ સો બેઠક કરવાના છે જેમાં આ મુદ્દે ચર્ચા શે અને મંત્રાલય દ્વારા જારી કરાયેલા આદેશનું પાલન સુનિશ્ચિત કરવાનો પ્રયાસ શે.

## ગુજરાતના પાટનગરના તમામ તાલુકામાં ધોધમાર વરસાદ વરસ્યો : ખેડુતોમાં ખુશી લાગણી

ગાંધીનગર,

ગાંધીનગરમાં મેઘરાજાએ વાદળોનાં ગળગળાટ વચ્ચે પધરામણી કરી દીધી છે. ઘણા ખરા વિસ્તારોમાં વરસાદ ધમાકેદાર બેટિંગ કરી રહ્યો છે જ્યારે અમુક વિસ્તારમાં ધીમી ધારે વરસાદ વરસી રહ્યો છે. ગઈકાલ બુધવારે સમગ્ર દિવસ દરમિયાન અસહ્ય ઉકળાટનો અહેસાસ કરી રહ્યા હતા. અને સાંજ પડતાં વરસાદ શરૂ થયો હતો. તેમજ રાત્રીના આઠ થી દસ વાગ્યા સુધીમાં મન મૂકીને મેહુલો વરસ્યો હતો. આજ સવાર સુધી વરસાદે વિરામ લઈ લીધો હતો, જેમ જેમ દિવસ આગળ વધતો જઈ રહ્યો છે તેમ તેમ આકાશમાં વાદળો ઘેરાવા લાગ્યા છે. આકાશમાંથી વાદળોનો સ્પષ્ટ ગળગળાટની અનુભૂતિ કરી રહ્યા છે. બપોર એક વાગ્યાથી ગાંધીનગરમાં



મેઘરાજાએ બેટિંગ શરૂ કરી દીધી છે. જેનાં કારણે ઠેર ઠેર પાણી ભરાઈ જવા પામ્યા છે. ોડી થોડી વારે બંધ ચાલુ થતાં વરસાદના કારણે લોકો પણ બહાર નીકળતા અચકાઈ રહ્યા છે. જોકે, વરસાદી માહોલ સર્જાતા ગાંધીનગર સોળે કળાએ ખીલી ઉઠયું છે. વરસાદ વરસતા સાબરમતી નદીમાં હજી પણ પાણી આવ્યું નથી, પરંતુ નદી પર બનેલા શાહપુર ઓવરબ્રિજ પર પાણી ફરી વળ્યા છે. જેનાં કારણે રાહદારી વાહન ચાલકોને ઘણી મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે. જો કે થોડી વાર પછી વરસાદે વિરામ લઈ લીધો છે.ગાંધીનગર જિલ્લામાં આજે સવારથી વરસાદી માહોલ છવાયો છે, જેમાં બપોરના ચાર વાગ્યા સુધીમાં દહેગામમાં ત્રણ ઈંચ, માણસામાં અઢી ઈંચ અને કલોલમાં એક ઈંચ વરસાદ નોંધાયો છે. ગાંધીનગર શહેરમાં પણ અડધો ઈંચ વરસાદ વરસ્યો હતો. મોડે મોડે પણ જિલ્લામાં મેઘરાજા મહેરબાન થતાં ખેડૂતોમાં ખુશી જોવા મળી રહી છે. ગાંધીનગર શહેરમાં સવારે વરસાદી માહોલ જોવા મળ્યો હતો પરંતુ બાદ વરસાદે હાથ તાળી આપી દીધી હતી. જોકે, બપોર ૧ વાગ્યા પછી ધીમી ધારે શરૂ થયેલા વરસાદે બે વાગ્યાથી ધમાકેદાર બેટિંગ શરૂ કરી દીધી છે. વરસાદની બેટિંગ શરૂ થતાં સાબરમતી નદીમાં પાણી આવ્યું નથી, પરંતુ નદી પર બનાવેલા પુલ પર વરસાદી પાણી ફરી વળતા તંત્રની પોલ ખુલી જવા પામી છે.

## અમેરિકાએ ચિંતા વ્યક્ત કરી અફઘાનિસ્તાનમાં અલ-કાયદા ફરી સક્રિય થઈ શકે

કાબુલ,

તાલિબાનની વચગાળાની સરકારના ૧૪ સભ્યો સંયુક્ત રાષ્ટ્રની સલામતી પરિષદ દ્વારા જાહેર કરાયેલી આતંકીઓની બ્લેક લિસ્ટમાં સામેલ છે, જેમાં કાર્યકારી વડાપ્રધાન મુલ્લા હસન અને તેના બંને નાયબ વડાપ્રધાનોનો સમાવેશ થાય છે. વધુમાં વૈશ્વિક આતંકી જાહેર થયેલા અને અમેરિકાએ જેના માથા પર એક કરોડ યુએસ ડોલરનું ઈનામ રાખ્યું છે તેવા સિરાજુદ્દિન હક્કાનીનો પણ આ કેબિનેટમાં સમાવેશ કરાયો છે. અફઘાનિસ્તાનમાં ૩૩ સભ્યોની વચગાળાની કેબિનેટના સભ્યો ૧૧મી સપ્ટેમ્બરને શનિવારે મંત્રી તરીકેના શપથ લે તેવી સંભાવના છે. નોંધપાત્ર છે કે ૨૦ વર્ષ અગાઉ ૯/૧૧ના દિવસે જ અલ-કાયદાના આતંકીઓએ અમેરિકા પર સૌથી ઘાતક આતંકી હુમલો કરીને વર્લ્ડ ટ્રેડ સેન્ટરની બંને ઈમારતો ઊડાવી દીધી હતી. બીજીબાજુ અફઘાનિસ્તાનમાં શાસન શરૂ થવાની સાથે જ તાલિબાનોનો અસલી ચહેરો સામે આવવાનું શરૂ થઈ ગયું છે. પાકિસ્તાની એરફોર્સે પંજશીર પર હુમલો કર્યાના વિરોધમાં થયેલા દેખાવોનું રિપોર્ટિંગ કરી રહેલા અફઘાન પત્રકારોની ધરપકડ કરી હતી. તેમાંથી કેટલાક પત્રકારોની તાલિબાનોએ ક્રૂરતાપૂર્વક મારપીટ કરી હતી. પત્રકારોની આ દશા અંગેના કેટલાક ફોટો સોશિયલ મીડિયામાં વાઈરલ થયા હતા. દરમિયાન ચીને તાલિબાનોના નેતૃત્વમાં અફઘાનિસ્તાનની નવી સરકારને અંદાજે ૩.૧ કરોડ ડોલરની સહાય કરવાની જાહેરાત કરી છે. અફઘાનિસ્તાનમાં નવી તાલિબાની સરકાર આવતાં એક સમયે દુનિયાનું સૌથી ખૂંખાર આતંકી સંગઠન અલ-કાયદા ફરીથી માથું ઊંચકી શકે છે તેવી આશંકા અમેરિકન ડિફેન્સ સેક્રેટરીએ વ્યક્ત કરી છે. જોકે, અમેરિકા અફઘાનિસ્તાનમાં અલ-કાયદાને રોકવા તૈયાર છે. દરમિયાન ચીને તાલિબાની સરકાર માટે તેનો ખજાનો ખોલી દીધો છે. ચીને તાલિબાનોને અંદાજે ૩.૧ કરોડ રૂપિયા (૩૧ મિલિયન યુએસ ડોલર)ની મદદ કરવાની જાહેરાત કરી છે. બીજીબાજુ અમેરિકામાં બે દાયકા પહેલાં ૯/૧૧ હુમલાની 'ઊજવણી' કરતાં હોય તેમ નવી તાલિબાન સરકારના મંત્રીઓ ૨૦ વર્ષ પછી આ જ દિવસે 'શપથગ્રહણ' કરે તેવી સંભાવના છે. અમેરિકાના સંરક્ષણ મંત્રી લોઈડ ઓસ્ટિને જણાવ્યું હતું કે, ૨૦ વર્ષ પહેલાં અમેરિકા પર હુમલો કરનારું આતંકી જૂથ અલ-કાયદા અફઘાનિસ્તાનમાં તાલિબાનોની નવી સરકારમાં ફરીથી માથું ઊંચકે તેવી સંભાવના છે. જોકે, અમેરિકા કોઈપણ જોખમોનો સામનો કરવા અને અફઘાનિસ્તાનમાં અલ-કાયદાને રોકવા માટે તૈયાર છે. ૧૯૯૬થી ૨૦૦૧ સુધી અફઘાનિસ્તાનમાં તેમના શાસન દરમિયાન તાલિબાનોએ અલ-કાયદાને આશરો આપ્યો હતો. અહેવાલો દરમિયાન છેલ્લા ૨૦ વર્ષથી ચાલતા યુદ્ધ પછી અલ-કાયદા ખૂબ જ નબળું થઈ ગયું છે, પરંતુ હવે અફઘાનિસ્તાનમાં ફરીથી તાલિબાનોના કબજા પછી અલ-કાયદા માથું ઉંચકી શકે છે. જોકે, અમેરિકાએ તાલિબાનોને સ્પષ્ટ શબ્દોમાં કહી દીધું છે કે તે અફઘાનિસ્તાનને અલ-કાયદા આથવા કોઈપણ કટ્ટરવાદી આતંકી જૂથોનો અડ્ડો નહીં બનવા દે. દરમિયાન અફઘાનિસ્તાનના કાર્યકારી વડાપ્રધાન મુલ્લા મોહમ્મદ હસન અખુંદે દેશમાંથી ભાગી ગયેલા જૂની સરકારોના અધિકારીઓને પાછા ફરવાની હાકલ કરતાં તેમને 'સંપૂર્ણ સુરક્ષા' આપવાનું વચન આપ્યું છે. તેમણે કહ્યું હતું કે યુદ્ધગ્રસ્ત દેશમાં લોહીયાળ જંગ હવે પૂરો થઈ ગયો છે. હવે દેશને ફરીથી બેઠા કરવાનું મહાકાય કામ કરવાનું છે. તાલિબાનોએ ઓગસ્ટના મધ્યમાં ચૂંટાયેલી સરકારને ઊખાડીને બંદૂકની અણીએ કાબૂલ કબજે કર્યા પછી તાજેતરમાં જ વચગાળાની કેબિનેટની જાહેરાત કરી હતી, જેમાં મોટાભાગે કટ્ટરવાદી તાલિબાન જૂથના સભ્યોનો સમાવેશ કરાયો છે.

## જૌહર યુનિવર્સિટીની ૭૦ હેક્ટર જમીન પ્રશાસને પાછી લીધી




નવી દિલ્હી,

સમાજવાદી પાર્ટીની સરકાર દરમિયાન આઝમ ખાને રામપુરના સ્વાતંત્ર્ય સેનાની મૌલાના મોહમ્મદ અલી જૌહરના નામ પર મોહમ્મદ અલી જૌહર યુનિવર્સિટીનું નિર્માણ કર્યું હતું. પરંતુ સત્તા પરિવર્તન સાથે જ તેમના આ સપનાને નજર લાગી ગઈ હતી અને પ્રદેશમાં ભારતીય જનતા પાર્ટીની સરકાર આવ્યા બાદ આઝમ ખાન વિરૂદ્ધ ૧૦૦ કરતા વધારે કેસ નોંધાયા હતા. જૌહર યુનિવર્સિટી વિરૂદ્ધ પણ તમામ કાર્યવાહી શરૂ કરવામાં આવી હતી. તે પૈકીની એક કાર્યવાહી જમીનદારી ઉન્મૂલન અધિનિયમ ૧૯૫૦ના સીલિંગના નિયમ અંતર્ગત, જેમાં કોઈ પણ વ્યક્તિ, પરિવાર કે સંસ્થા ૧૨.૫ એકર કરતા વધારે જમીન પ્રદેશ સરકારની મંજૂરી વગર ન રાખી શકે. આ નિયમ અંતર્ગત પ્રશાસને જૌહર યુનિવર્સિટી પર વક્રદૃષ્ટિ રાખીને કાર્યવાહી કરી હતી.સમાજવાદી પાર્ટીના દિગ્ગજ નેતા અને યુપી સરકારમાં મંત્રી રહી ચુકેલા આઝમ ખાન દ્વારા બનાવવામાં આવેલી જૌહર યુનિવર્સિટીની જમીન પર હવે યુપી સરકારનો કબજો થઈ ગયો છે. યુપી સરકાર દ્વારા યુનિવર્સિટીની ૭૦ હેક્ટર જમીન પાછી લેવાની પ્રક્રિયા પૂરી કરી દેવામાં આવી છે. અલાહાબાદ હાઈકોર્ટમાં યુપી સરકારની એક્શન વિરૂદ્ધની અરજી રદ થઈ ત્યાર બાદ આ શક્ય બન્યું છે. તહસીલદાર પ્રમોદ કુમારના કહેવા પ્રમાણે હાઈકોર્ટે જમીન પાછી લેવાની પ્રક્રિયા સાથે સંકળાયેલી અરજી રદ કરી દીધી હોવાથી હવે તેઓ જમીન પર કબજો મેળવી રહ્યા છે.

## બ્રિક્સ મિટીંગ દ્વારા ત્રાસવાદ સામેના જંગના મુદ્દે સર્વાનુસંમતિ પણ સાધી

નવી દિલ્હી,

વડાપ્રધાન મોદીએ કાઉન્ટર ટેરરિઝમ એક્શન પ્લાનનો ઉલ્લેખ કર્યો હતો. તેમણે કહ્યું હતું કે બ્રિક્સ દેશોના સંમેલનમાં બહુવિધ સિસ્ટમને વધુ મજબૂત બનાવી એક ચોક્કસ પોઝીશન બનાવવાની આ સૌ પ્રથમ ઘટના બની છે. તે સાથે તેમણે એમ પણ કહ્યું હતું કે બ્રિક્સ દેશોએ કાઉન્ટર ટેરરિઝન એક્શન પ્લાનને અપનાવી લીધો છે.. તે ઉપરાંત મોદીએ કહ્યું હતું કે છેલ્લા દોઢ દાયકામાં બ્રિક્સ દેશોએ અનેક સિદ્ધિઓ હાંસલ કરી લીધી છે. આજ આપણે વિશ્વના ઉભરતા નવા નવા અર્થતંત્રો માટે એક અસરકારક અને પ્રભાવશાળી અવાજ બની શક્યા છીએ. વિકાશીલ દેશોની પ્રાથમિકતાઓ ઉપર ધ્યાન કેન્દ્રિત કરવા માટે પણ આ મંચ ખુબ જ ઉપયોગી બની શક્યો છે, તથી હવે આપણે એ બાબત સુનિશ્ચિત કરવાની રહે ચે કે આગામી ૧૫ વર્ષોમાં બ્રિક્સ દેશો વધુ પરિણાલક્ષી બને ેમ મોદીએ ઉમેર્યુ હતું.વડાપ્રધાન નરેન્દ્ર મોદીની અધ્યક્ષતામાં આજે બ્રાઝિલ, રશિયા, ભારત, ચીન અને દક્ષિણ આફ્રિકા (બ્રિક્સ) ના વડાઓના એક વર્યુલ સંમલનનું આયોજન તયું હતું જેમાં ત્રાસવાદના મુદ્દે ચર્ચા કરવામાં આવી હતી.



આ તમામ દેશોએ નવી દિલ્હી ઘોષણાપત્રને લીલી ઝંડી આપી દીધી હતી અને બેઠકમાં ત્રાસવાદ સામેના જંગના મુદ્દે સર્નસંમતિ પણ સાધી શકાઈ હતી. આ વર્ચ્યુલ સંમેલનામાં રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદીમીર પુતિને અફઘાનિસ્તાનનો મુદ્દો ઉઠાવ્યો હતો અને કહ્યુ હતું કે અમેરિકા અને તેના સહયોગી દેશોએ અચાનક અફઘાનિસ્તાન છોડી દીધું તેના કારણે જ હાલ ઘમી મોટી સમસ્યા ઉભી થઈ છે. યાદ રહે કે બ્રિક્સ દેશોસું આ સંમેલન વડાપ્રધાન મોદીની અધ્યક્ષતામાં યોજાયું હતું. પુતિને પોતાના સંબોધનમાં કહ્યું હતું કે હાલ સમગ્ર વિશ્વ સમક્ષ સુરક્ષાનો એક મોટો પડકાર ઉભો થયો છે. તેથી ત્રાસવાદ અને નશીલા પદાર્થોની હેરાફેરી ઉપર અંકુશ મેળવવો ખુબ જ જરૂરી છે. તે સાથે તેમણે એમ પણ કહ્યું હતું કે અફઘાનિસ્તાને તેના પાડોશી રાષ્ટ્રો માટે ત્રાસવાદનો અડ્ડો અને માદક દ્રવ્યોનું કેન્દ્ર બનવું જોઈએ નહીં.

## ભારતીય વાયુસેનાને નવી તાકાત મળી

નવી દિલ્હી,

ભારતમાં **MRSAM** સિસ્ટમ દ્વારા સામેથી આવી રહેલા કોઈ પણ ફાઈટર પ્લેન, હેલિકોપ્ટર, યુએવી, સબ સોનિક અને સુપરસોનિક ક્રૂઝ મિસાઈલને તબાહ કરી શકાશે. આ મિસાઈલ ૭૦ કિમીના પરિઘમાં આવતા અનેક ટારગેટ તબાહ કરવા માટે સક્ષમ છે. આ મિસાઈલ સ્વદેશી તકનીક પર આધારીત રોકેટ મોટરની મદદથી સંચાલિત થાય છે. સંરક્ષણ



મંત્રી રાજનાથ સિંહે જણાવ્યું કે, 'વાયુસેનાને **MRSAM** સોંપવાની સાથે અમે વડાપ્રધાન નરેન્દ્ર મોદીની આત્મનિર્ભર ભારતની કલ્પનાને સાકાર કરવાની દિશામાં મોટી છલાંગ લગાવી છે. આ એર ડિફેન્સ સિસ્ટમ ગેમ ચેન્જર સાબિત થશે.' રાજનાથ સિંહે જણાવ્યું કે, 'આજે ગ્લોબલ સિનેરિયો ખૂબ જ ઝડપથી અને અનપેક્ષિત રીતે બદલાઈ રહ્યો છે. તેમાં દેશોના આપસી સમીકરણ પણ પોતાના હિત પ્રમાણે ઝડપથી બદલાઈ રહ્યા છે. ભલે સાઉથ ચાઈના સી હોય કે ઈંડો-પેસિફિક હોય કે પછી મધ્ય એશિયા હોય, દરેક જગ્યાએ અનિશ્ચિતતાની સ્થિતિ જોઈ શકાય છે. બદલાઈ રહેલા જિયો-પોલિટિક્સનો પ્રભાવ ટ્રેડ, ઈકોનોમી, પાવર પોલિટિક્સ અને તેના આધાર પર સિક્યોરિટી સિનેરિયો પર પણ જોઈ શકાય છે. આવી સ્થિતિમાં આપણી સુરક્ષાની મજબૂતી અને આત્મનિર્ભરતા એક ઉપલબ્ધિ ન રહીને જરૂરિયાત બની જાય છે.'ભારત અને ઈઝરાયલને ડિફેન્સ સેક્ટરમાં પોતાની શક્તિ વધારવામાં મહત્વની સફળતા મળી છે. સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહે મીડિયમ રેન્જ સરફેસ-ટુ-એર મિસાઈલ (**MRSAM**)ના પહેલા યુનિટને જેસલમેર ખાતે વાયુસેના યુનિટમાં સામેલ કરી હતી. આ મિસાઈલ ૭૦ કિમીના પરિઘમાં દુશ્મનને ઢેર કરવા માટે સક્ષમ છે. સિસ્ટમમાં એડવાન્સ રડાર, કમાન્ડ એન્ડ કંટ્રોલ, મોબાઈલ લોન્ચર અને રેડિયો ફ્રિક્વન્સી સીકરની સાથે ઈન્ટરસેપ્ટર પણ છે. આ મિસાઈલને ડિફેન્સ રિસર્ચ એન્ડ ડેવલપમેન્ટ ઓર્ગેનાઈઝેશન (**DRDO**) અને ઈઝરાયલની **IAI**એ મળીને તૈયાર કરી છે. તેમાં ભારત અને ઈઝરાયલની અન્ય ડિફેન્સ કંપનીઓ પણ સામેલ છે. **MRSAM**નો ઉપયોગ ભારતની ત્રણેય સેનાઓ અને ઈઝરાયલ ડિફેન્સ ફોર્સ કરશે.

## રિટર્ન ભરવાની મુદત લંબાવાઈ

મુંબઈ,

સેન્ટ્રલ બોર્ડ ઓફ ડાયરેક્ટ ટેક્સેસિઝે જાહેર કરી છે. આ પહેલાં ઈનકમ ટેક્સ રિટર્ન ફાઈલ કરવાની છેલ્લી તારીખ ૩૧ જુલાઈથી ૩૦ સપ્ટેમ્બર કરાઈ હતી. મહત્વનું છે કે કોરોનાને કારણે ગત વર્ષે રિટર્ન ફાઈલ કરવાની તારીખ ત્રણ વખત વધારવામાં આવી હતી. સરકારે આ વર્ષે એમ્પ્લોયર પાસેથી ફોર્મ ૧૬ મેળવવાની ડેડલાઈન બે વખત વધારી હતી. પહેલાં તેની અંતિમ તારીખ ૧૫ જૂન ૨૦૨૧થી ૧૫ જુલાઈ ૨૦૨૧ કરાઈ હતી. જે બાદમાં વધારીને ૩૧ જુલાઈ ૨૦૨૧ કરાઈ હતી. જેનાટીથી ઈન્ડિવિઝુયલ્સની પાસે રિટર્ન ફાઈલ કરાવવા માટે બે મહિનાનો સમય વધ્યો હતો. પરંતુ નવા પોર્ટલ યોગ્ય રીતે કામ ન કરતું હોવાને કારણે કરદાતાઓને તેમાં રિટર્ન ફાઈલ કરવામાં મોટી મુશ્કેલીઓ પડતી હતી.

કોરોના વાઈરસથી ગભરાશો નહી, ઘરમાં રહો, સુરક્ષીત રહો. સરકારની સૂચનાઓનું પાલન કરો.

- છીંકતી વખતે/ખાંસતી વખતે મોં ઉપર રૂમાલ રાખો.
- હાથને ૨૦ સેકન્ડ સુધી વારંવાર ધુઓ/સેનેટાઈઝરનો ઉપયોગ કરો.
- મોં પર માસ્ક પહેરવાનું રાખો.
- સામાજીક ૧ મીટરનું અંતર રાખો.
- જરૂરી કામ વગર ઘરની બહાર જવાનું ટાળો.
- શરદી, ખાંસી, તાવ જેવા લક્ષણો જણાય તો તરત જ ડોક્ટરને જાણ કરો.

ઘી લીમખેડા તા.ખ.વે. સંઘ જેતપુર (દુ) શાખા

મુ. જેપપુર (દુ)- લાડપુર ફળીયું, તા. લીમખેડા

કોરોના વાઈરસથી ગભરાશો નહી, ઘરમાં રહો, સુરક્ષીત રહો. સરકારની સૂચનાઓનું પાલન કરો.

- છીંકતી વખતે/ખાંસતી વખતે મોં ઉપર રૂમાલ રાખો.
- હાથને ૨૦ સેકન્ડ સુધી વારંવાર ધુઓ/સેનેટાઈઝરનો ઉપયોગ કરો.
- મોં પર માસ્ક પહેરવાનું રાખો.
- સામાજીક ૧ મીટરનું અંતર રાખો.
- જરૂરી કામ વગર ઘરની બહાર જવાનું ટાળો.
- શરદી, ખાંસી, તાવ જેવા લક્ષણો જણાય તો તરત જ ડોક્ટરને જાણ કરો.

ઘી લીમખેડા તા.સ.ખ.વે. સંઘ લી. પ્રતાપુરા શાખા

મુ. પ્રતાપુરા શાખા, તા. લીમખેડા

કોરોના વાઈરસથી ગભરાશો નહી, ઘરમાં રહો, સુરક્ષીત રહો. સરકારની સૂચનાઓનું પાલન કરો.

- છીંકતી વખતે/ખાંસતી વખતે મોં ઉપર રૂમાલ રાખો.
- હાથને ૨૦ સેકન્ડ સુધી વારંવાર ધુઓ/સેનેટાઈઝરનો ઉપયોગ કરો.
- મોં પર માસ્ક પહેરવાનું રાખો.
- સામાજીક ૧ મીટરનું અંતર રાખો.
- જરૂરી કામ વગર ઘરની બહાર જવાનું ટાળો.
- શરદી, ખાંસી, તાવ જેવા લક્ષણો જણાય તો તરત જ ડોક્ટરને જાણ કરો.

ઘી લીમખેડા તા.ખ.વે. સંઘ મોટીવાસવાણી શાખા

મુ. મોટીવાસવાણી- રોડ ફળીયું, તા. લીમખેડા

## ૭ રાજ્યોમાં રાજ્યસભાની સાત બેઠકોની પેટા ચૂંટણી ચોથી ઓક્ટોબરે યોજાશે

નવી દિલ્હી,

ચૂંટણી પંચના જણાવ્યા આ સાત બેઠકો પર ચોથી ઓક્ટોબરે ચૂંટણી યોજવામાં આવશે. મધ્ય પ્રદેશમાં રાજ્યસભાની બેઠક થાવરચંદ ગેહલોતને કર્ણાટકના ગવર્નર બનાવવાને કારણે ખાલી પડી છે. આસામમાં બિસ્વજીત ડાઈમેરીએ રાજીનામું આપી દેતા રાજ્યસભાની એક બેઠક ખાલી પડી છે. ભાજપ આસામમાંર્બાનંદ સોનોવાલને રાજ્યસભાની ટિકિટ આપે તેવી શક્યતા છે કારણકે તેઓ હજુ સુધી બંને પૈકી કોઈ પણ ગૃહના સભ્ય નથી. પુડુચેરીમાં એન ગોકુલાકૃષ્ણનની મુદત પૂર્ણ થવાના કારણે રાજ્યસભાની એક બેઠક ખાલી થવાની છે. તમિલનાડુમાં એઆઈએડીએમકેના બે નેતા કે પી મુનુસામી અને આ ૨ વૈથિલિન્ગમે રાજીનામુ આપી દેતા બે બેઠક ખાલી પડી છે. પશ્ચિમ બંગાળમાં તૃણમુલના નેતા અને કેબિનેટ પ્રધાન માનસ રંજન ભુનિયાએ રાજીનામું આપી દેતા રાજ્યસભાની બેઠક ખાલી પડી છે. ચૂંટણી પંચે આજે રાજ્યસભાની સાત બેઠકોની પેટા ચૂંટણીની જાહેરાત કરી છે. આ બેઠકો રાજીનામુ, મૃત્યુ અને મુદત પૂર્ણ થવા જેવા કારણોને લીધે આ સાત બેઠકો ખાલી પડી હતી. ચૂંટણી પંચ દ્વારા જારી કરવામાં આવેલા નોટિફિકેશન મુજબ તમિલનાડુમાં બે, પશ્ચિમ બંગાળમાં એક, આસામમાં એક, મહારાષ્ટ્રમાં એક, પુડુચેરીમાં એક અને મધ્ય પ્રદેશમાં એક બેઠકનો સમાવેશ થાય છે.

# આણંદમાંથી ઝડપાયું નકલી RC બુકનું કૌભાંડ

આણંદ,

આર.સી.બુકસ વડોદરા, સુરત, નડિયાદ, આણંદ, ખેડા, પાલનપુર તેમજ બાવળા આરટીઓ કચેરીની બનાવટી હોવાનું સામે આવ્યું. આરોપીઓ પાસેથી ૭ રીક્ષા ઉપરાંત ક્વોલીસ, બોલેરો મેક્સી ટ્રક, સ્વીફ્ટ, વેગેનઆર, અલ્ટો મળી છ કાર અને એક હોન્ડા બાઈક, બજાજ સીટી બાઈક અને સુઝુકી બાઈક એમ ત્રણ બાઈક સહિતના વાહનોની આરસી બુક્સ મળી આવી હતી. એલસીબી પોલીસે પકડાયેલી આર.સી. બુકને પ્રોજેક્ટ મેનેજર સિલ્વરટચ ટેક્નોલોજીસ લિમિટેડ આરસી બુક સેન્ટર અમદાવાદ કચેરી ખાતે ચીપ રીડર મારફતે તપાસ અને ખરાઈ કરવામાં આવી હતી. જેમાં તમામ સ્માર્ટ કાર્ડ આરસી બુક ચીપમાં રહેલી માહિતી તથા કાર્ડ ઉપર છાપેલ માહિતી અલગ અલગ હોવાનું તેમજ ચીપમાં રહેલી માહિતી અને કાર્ડ ઉપર છાપેલી માહિતી અલગ અલગ હોવાથી આ સ્માર્ટ કાર્ડ બનાવટી હોવાનું જણાઈ આવતા ભાંડો ફુટ્યો હતો. આરોપી ગુલામમોહંમદ ઉર્ફે ગુલોએ મુખ્ય સુત્રધાર તારીફ માકણેઝીયા પાસેથી ૨૫૦૦ થી ૩ હજાર રૂપિયામાં આર સી બુક્સ મેળવી હતી. પોલીસે મુખ્ય સુત્રધાર તારીફ માકણેજીયાની પાલનપુર ખાતે હાઈવે પર ગોલ્ડન પ્લાઝામાં છાપો મારીને ૯૯૯ નંગ છાપેલી આર સી બુક્સ તેમજ ૨૫૩ નંગ કોરી આર.સી બુક્સ મળી કુલ ૧૨૫૨ નકલી સ્માર્ટ કાર્ડ આર.સી બુક કબ્જે કરી હતી. પોલીસે તેની પાસેથી પ્રિન્ટર, લેપટોપ, પેન ડ્રાઈવ, થીનરની બોટલ, બે મોબાઈલ ફોન સહિત ૫૬,૭૯૦ રૂપિયાનો મુદ્દામાલ કબ્જે કર્યો હતો. મુખ્ય સુત્રધાર તારીક માકણોજીયા બનાસકાંઠા, મહેસાણા અને પાટણ જિલ્લામાં આર.ટી ઓ એજન્ટ તરીકે તેમજ વાહન લે-વેચનું કામ કરે છે. જે દરમિયાન એચ.પી દાખલ કે કેન્સલ કરવા, વાહન ટ્રાન્સફર કરવા માટે આવતી જૂની આર.સી બુક પોતે મેળવી લેતો તેમજ રાજયનાં અન્ય એજન્ટો પાસેથી પણ જુની આર.સી બુક મેળવી લેતો હતો. તેમજ જે એજન્ટને નવી આરસી બુક જોઈતી હોય તો તે મુજબની વિગતો આપતા જેનાં આધારે તે છેલ્લા એક વર્ષથી આરસી બુકમાં છાપેલી વિગતો ભૂંસી નાખી લેપટોપમાં કાર્ડ પ્રેસ સોફ્ટવેરની મદદથી આરસી બૂકમાં નવી વિગતો ખોટી રીતે લખી પ્રિન્ટ કરતો હતો. આરસી બુક દીઠ ૨૫૦૦ થી ૩ હજાર રૂપિયા લેતો હતો. તારીક માકણોજીયા દ્વારા બનાવવામાં આવેલી એક પણ આરસી બૂક અત્યાર સુધી પકડાઈ ન હતી. વાહનોની લોનનાં હપ્તા બાકી હોય તેવા વાહનો ફાઈનાન્સરો દ્વારા સીઝ કરેલ હોય તેવા વાહનોની બે માસ જેટલો સમય રાહ જોયા બાદ હરાજી કરી અન્ય ઈસમોને વેચી દેતા હોય છે. જેથી નવી આરસી બુકની જરૂર પડતી હોય છે, જેથી એચપી કેન્સલ લેટર તથા વાહન નંબર સાથેની વિગતો મેળવી નવી આર સી બુક બનાવી આપતો હતો. તેમજ અત્યાર સુધીમાં કોને કોને બોગસ આરસી બુક બનાવી આપી છે તેની પોલીસ દ્વારા તપાસ હાથ ધરવામાં આવી રહી છે તેવુ ડીવાયએસપી બીડી જાડેજાએ જણાવ્યું.આણંદ શહેરમાં મહેન્દ્ર શાહ ચોકડી પાસેથી એલસીબી પોલીસે ઉમરેઠનાં એક શખ્સને આરટીઓ કચેરીની જુદા જુદા વાહનોની બોગસ ૧૬ જેટલી સ્માર્ટ કાર્ડ આર.સી બુક સાથે ઝડપી પાડવામાં આવ્યો હતો. પૂછપરછ કરતા બનાસકાંઠા જિલ્લાનાં વડગામ તાલુકાનાં રજોસણા ગામનાં મુખ્ય સુત્રધારનું નામ ખૂલ્યુ હતું. પોલીસે રાજય વ્યાપી બોગસ આર.સી બુક કૌભાંડ ઝડપી પાડયું છે. પોલીસે પકડાયેલા બંને આરોપીઓની વિરુદ્ધ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરતા મુખ્ય સુત્રધારે અત્યાર સુધીમાં ૫૦૦ થી વધુ લોકોને બોગસ સ્માર્ટ કાર્ડ આર.સી બુક આપી હોવાનું ખુલ્યું હતું. એલસીબી પોલીસે આણંદ શહેરની મહેન્દ્ર શાહ ચોકડી પાસે વોચ ગોઠવી ઉમરેઠનાં ગુલામમોહંમદ ઉર્ફે ગુલો આદમભાઈ વ્હોરાને ઝડપી પાડી તેની પાસેથી જુદી જુદી આરટીઓ કચેરીની જુદા જુદા વાહનોની ૧૬ જેટલી સ્માર્ટ કાર્ડ આર.સી. બુક્સ કબ્જે કરી હતી. પોલીસે મળી આવેલ આરસી બુક્સને આરટીઓ કચેરીમાં ખરાઈ કરાવતાં પ્રથમ નજરે બનાવટી હોવાનું કે પછી ગેરકાયદેસર રીતે મેળવેલ હોવાનું જણાઈ આવ્યું હતું. પોલીસે પકડાયેલા આરોપીની પૂછપરછ કરતા આ આરસી બુક્સ બનાસકાંઠા જિલ્લાનાં રજોસણા ગામનાં તારીફ અબ્દુલહમીદ માકણોજીયા પાસેથી લાવ્યો હોવાનું ખૂલ્યુ હતું. એલસીબીની એક ટીમે રજોસણા ગામે છાપો મારી મુખ્ય સૂત્રધાર તારીફ માકણોજીયાને ઝડપી લીધો હતો. જે બંને વિરુદ્ધ આણંદ શહેર પોલીસ મથકમાં નોંધ્યો હતો. પકડાયેલો આરોપી તારીફ અબ્દુલહમીદ માકણોજીયા પોતાના લેપટોપમાં આરસી બુક્સ બનાવી પ્રિન્ટરથી કોપી કાઢી આ સ્માર્ટ કાર્ડ આર.સી.બુક્સ બનાવતો હતો. ગુલામમોહંમદ ઉર્ફે ગુલો આદમભાઈ વ્હોરા તેની પાસેથી આરસી બુક્સ લાવતો હતો અને જે-તે જરૂરિયાતવાળા વાહન માલિકોને આપતો હતો. પોલીસે ૧૬ જેટલી બનાવટી આરસીબુક (સ્માર્ટ કાર્ડ) કબ્જે લઈ હાથ ધરી હતી.

## ભવિષ્યની પેઢી શિક્ષિત બને તે જરૂરી છે હવેનો યુગ શિક્ષણનો યુગ છે : વિજય રૂપાણી



ગાંધીનગર,

શૈક્ષણિક સંકુલનું ભૂમિપુજન વેળાએ મુખ્યમંત્રી વિજય રૂપાણીએ જણાવ્યું કે, ભવિષ્યની પેઢી શિક્ષિત બને તે જરૂરી છે. હવેનો યુગ શિક્ષણનો યુગ છે. દરેક ક્ષેત્રે શિક્ષણની જરૂર પડવાની છે. રબારી સમાજ માટે શિક્ષણનું ભવન નિર્માણ થઈ રહ્યું છે તે બદલ અભિનંદન. આ ભવન રબારી સમાજના શિક્ષણ અને ઉત્થાનનું કેન્દ્ર બનશે. કૃષ્ણ ગાયો ચરાવતા હતા તેમનો સમાજ આજે એકઠો થયો છે. ગાયની પીજા આ સમાજની પરંપરા છે, જેના થકી આજે સમાજ આગળ વધી રહ્યો છે. રાજા મહારાજાના ખાનગી સંદેશા જીવના જોખમે રબારી સમાજ પહોંચાડતો હતો. ગાય-ગંગા-ગીતા માટે પોતાના જીવનું બલિદાન આપવા આ સમાજ તત્પર રહ્યો છે. મુખ્યમંત્રીએ રબારી સમાજની શ્રદ્ધા અને આસ્થાના કેન્દ્ર સમા વાળીનાથ ગાદીપતિ બળદેવગીરી મહારાજને આ પ્રસંગે યાદ કર્યા હતા. તેમણે કહ્યું કે, જ્યારે જરૂર પડી ત્યારે તેમના આશીર્વાદ મળ્યા છે. માલધારીનું કેડીયુ પાઘડી અને લાકડી ઓળખ છે. હવે સમાજ લાકડીથી કલમ તરફ આગળ વધી રહ્યો છે. ગુજરાત બધા સમાજને સાથે લઈ આગળ વધવા માંગે છે. પાંચ વર્ષ અગાઉ અમે નિર્ણય કર્યો હતો કે, તમામ સમાજ, જ્ઞાતિ, જાતિ, ધર્મથી ઉપર ઉઠી ગુજરાતને એક કરીને આગળ વધીશું. તમામ સમાજે સાથ આપ્યો છે. સરકાર બધા સમાજના ઉત્થાન માટે તટસ્થતાથી કામ કરે છે. જે સમાજમાં શિક્ષણની જરૂર છે તે સમાજ આગળ આવતો હોય તે જરૂરી છે. રબારી સમાજની દીકરીઓ પણ ભણીગણીને ડોક્ટર બને. જો રબારી સમાજ શિક્ષણ પર ધ્યાન આપશે તે ગુજરાતના કોઈ ખૂણામાં શિક્ષણનો દિપક હોલવાશે નહિ. આ પ્રસંગે રબારી સમાજના સંતો-મહંતો, ધારાસભ્યો, અધિકારીઓ, સામાજિક આગેવાનો અને દાતાઓ હાજર રહ્યા હતા. ૨૧ કરોડના ખર્ચે આ સંકુલ આકાર પામશે. જેમાં એક ઓડિટોરીય, ચાર લાઈબ્રેરી, બે કમ્પ્યુટર રૂમ, ૧૪૮ વિદ્યાર્થી રૂમ બનાવવામાં આવશે. રાયકા એજ્યુકેશન ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત રેક્ટ શૈક્ષણિક સંકુલનું રાજયના મુખ્યમંત્રી વિજય રૂપાણીના હસ્તે ભૂમિપૂજન કરાયુ હતું. રબારી સમાજના કાર્યક્રમમાં ગૃહરાજ્ય મંત્રી પ્રદિપસિંહે મોટું નિવેદન આપતા કહ્યું કે, જ્યારે જયારે આવશ્યકતા પડી ગમે તેવા રાજકીય વાવાઝોડા હોય, તે વચ્ચે રબારી સમાજ ભાજપની સાથે રહ્યો છે. રબારી સમાજે હંમેશા ભાજપનો સાથ આપ્યો છે. રબારી સમાજ ઓનલાઈન સહાય કરશે. જે અંગેની મુખ્યમંત્રીએ વેબસાઈટ લોન્ચ કરી હતી. તેમણે રબારી શાદી ડોટ કોમ વેબસાઈટ અને એન્ડ્રોઈડ એપ પણ લોન્ચ કરી.

## ભાજપ દ્વારા કોંગ્રેસના સક્રિય કાર્યકર્તાઓને મહિલા મોરચાના હોદ્દો અપાતા વિવાદ

ગાંધીનગર,

ગાંધીનગર મનપાની ચૂંટણી જાહેર થતાની સાથે જ રાજકીય અગ્રણીઓએ વિરોધી પક્ષના નબળા પાસાઓ પણ શોધવા માંડ્યા છે. થોડા સમય પહેલાં ભાજપ યુવા મોરચાના એક હોદ્દેદારની સામે લેન્ડગ્રેબિંગનો ગુનો નોંધાયો હોવાથી હાલ તે જેલવાસમાં છે. પાંચ જેટલા રાજકીય અગ્રણીઓ જુગાર, મારામારી, ધમકી, રેતી ચોરી જેવા આક્ષેપોથી ઘેરાયેલા છે. આગામી સમયમાં ભ્રષ્ટાચાર ઉપરાંત રાજકારણમાં ઘૂસેલી ગુનાખોરીનો મામલો પણ વધુ વિવાદ પકડે તેવી શક્યતા છે.ગાંધીનગર મ્યુનિસિપલ કોર્પોરેશનની ચૂંટણી જાહેર થતાં જ રાજકીય પક્ષોમાં તડજોડની રાજનીતિ શરૂ થઈ ગઈ છે. અત્યાર સુધી કોંગ્રેસ માટે સક્રિય પ્રચાર કરનાર અગ્રણીને ભાજપે મહિલા મોરચાનાં હોદ્દાની લહાણી કરતા ભાજપમાં સક્રિય કામ કરતી મહિલા કાર્યકરોમાં રોષ ભભૂકી ઉઠયો છે. તો બીજી તરફ દર વખતની જેમ કોંગ્રેસ આ વખતે પણ પોતાના કાર્યકરોને સાચવવામાં થાપ ખાઈ રહી છે. જેનાં પરિણામે આગામી દિવસો વધુ લોકો ભાજપનો ખેસ ધારણ કરી લેય તેવા અણસાર વર્તાઈ રહ્યા છે. ગાંધીનગર મ્યુનિસિપલ કોર્પોરેશનની ચૂંટણી જાહેર થવાના અણસાર આવી જતાં ભાજપા કોંગ્રેસને મહાત આપવા સક્રિય થઈ ગયું છે. ભાજપે ઘણા સમયથી વોર્ડ બેઠકો અને સંકલન સમિતિની રચના કરી માઈક્રો પ્લાનિંગ સાથે કામગીરી આરંભી દીધી હતી. એમાંય કોંગ્રેસના મજબૂત અગ્રણીઓને ભાજપમાં લાવવા છેલ્લા ઘણા સમયથી કવાયત શરૂ કરી દેવાઈ હતી. જેમાં ભાજપે કોંગ્રેસના મહિલા અગ્રણીની વિકેટ પાડીને મહિલા મોરચાના હોદ્દાની લહાણી કરી દીધી છે. વોર્ડ-૧૦માં કોંગ્રેસના ઉમેદવારો સાથે ડોર ટૂ ડોર પ્રચાર કરી પંજા માટે મત માગનારા જીજ્ઞાબેન મહેતાને ભાજપે મહિલા મોરચામાં વોર્ડ ૧૦ માં જ પ્રમુખનો હોદ્દો આપ્યો છે. ભાજપની આ કવાયતની સામે કોંગ્રેસ અને આમ આદમી પાર્ટીએ પણ એડી ચોટીનું જોર લગાવ્યું છે. સૂત્રો પાસેથી મળતી માહિતી મુજબ, ત્રણેય પક્ષો એકબીજાના કાર્યકરોને ખેંચવા માટે પ્રયાસ કરી રહ્યા છે.

## હવે જુનાગઢનું કેશોદ એરપોર્ટ ફરી ધમધમશે

જૂનાગઢ,

કેશોદ એરપોર્ટ શરુ થવાની અનેકવાર જાહેરાતો થયેલ છે- દોઢ વર્ષ પહેલા જ જૂનાગઢના કેશોદમાં નવાબીકાળના એરપોર્ટને ફી ચાલુ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો, ત્યારે છેલ્લા ૨૦ વર્ષથી જ્યાં એકપણ પ્લેનની સુવિધા નથી ચાલુ કરવામાં આવી તેવા કેશોદ એરપોર્ટ પર તા.૨૩ મી માર્ચ ૨૦૨૦ થી ડેઈલી અમદાવાદથી કેશોદ પ્લેન સેવા ચાલુ કરવાની જાહેરાત કરી હતી. ટ્રેજેટ કંપનીની એટીઆર ૭૨ સીટર એરક્રાફ્ટ અમદાવાદથી કેશોદ વિમાન સેવાનો પ્રારંભ કરવામાં આવશે. આ જાહેરાતને દોઢ વર્ષ થયું છતાં તે શરુ થયું નથી. ત્યાં આજે ફી જાહેરાત કરવામાં આવી છે.ઉડ્ડયન મંત્રી જ્યોતિરાદિત્ય સિંધિયાએ આજે વૈશ્વિક લેવલે વેપારને પ્રાધાન્ય મળે તેના હેતુસર ઉડાન સ્કિમ હેઠળ દેશના પાંચ શહેરોમાં એરપોર્ટ શરુ કરવાની જાહેરાત કરી છે, જેમાં ગુજરાતના જૂનાગઢ જિલ્લાના કેશોદ એરપોર્ટનો પણ સમાવેશ કરવામાં આવ્યો છે. આઝાદી વખતે જૂનાગઢના નવાબ અહિંથી પાકિસ્તાન 'ઉડી ' ગયા હતા. દેશના પાંચ શહેરો જેમાં ગુજરાતનું કેશોદ, ઝારખંડનું દેવઘર, મહારાષ્ટ્રનું ગોંદીયા, અને સિંધુદુર્ગ અને ઉતરપ્રદેશના કુશીનગર ખાતે એરપોર્ટ શરુ કરવામાં આવશે, જેમાં જૂનાગઢ જિલ્લાના કેશોદ ખાતે આવેલ નવાબીકાળના એરપોર્ટનો સમાવેશ કરવામાં આવ્યો છે. અહીંથી દેશભરમાં ફ્લાઈટ ઉડશે, જેનાથી પ્રવાસનક્ષેત્રે સારો એવો લાભ મળશે. અહીના સાસણ, સોમનાથ, ગિરનાર રોપ-વે,દેવભૂમિ દ્વારકા સહિતના અનેક પર્યટન સ્થળે આવતા યાત્રિકોને ફયદો થશે. અત્યાર સુધી રાજ્ય બહારથી આવતા પ્રવાસીઓને મોટા ભાગે દીવ એરપોર્ટનો અથવા પોરબંદર એરપોર્ટનો સહારો લેવો પડતો. હવે જયારે કેશોદ ખાતે એરપોર્ટ શરુ થવાથી પ્રવાસીઓ માટે અંતર સાવ નજીક બની જશે. જેનાથી વેપાર-ધંધા અને પ્રવાસનક્ષેત્રને સારો એવો ફાયદો થશે.

## કેન્દ્ર દ્વારા વધુ ૬૬ કરોડ કોવિશિલ્ડનો ઓર્ડર અપાયો

નવી દિલ્હી,

પુના સ્થિત સીરમ ઈન્સ્ટીટયુટને સૌથી મોટી અસર થઈ છે જેમાં બ્રિટનની ઓકસફર્ડ યુનિ. તથા અમેરિકી ફાર્મા જાયન્ટસ એસ્ટ્રાજેનેકા સાથે સંયુક્ત રીતે કોવિશિલ્ડ તૈયાર કરી છે જે ભારતમાં ૯૦% લોકોને વેકસીનેટ કરવામાં ભૂમિકા ભજવી રહી છે. બીજી તરફ હૈદરાબાદ સ્થિત ભારત બાયોટેક સરકારી સહયોગથી જ વેકસીન ઉત્પાદન કરતી હોવાથી તેનું ૧૦૦% ઉત્પાદન ભારત સરકાર અને ખાનગી કંપનીઓ ખરીદે છે. વિશ્વ આરોગ્ય સંસ્થા દ્વારા વિશ્વના ગરીબ દેશોને વેકસીન પુરી પાડવા માટે નિર્માતા કંપનીઓ સાથે કરાર કર્યા છે પણ ભારતે નિકાસ પર હોલ્ડ મુકી દીધો છે. તેથી વિશ્વ આરોગ્ય સંસ્થાના પ્રોગ્રામમાં ફક્ત ૨૫% જ વેકસીન મળે તેવી શકયતા છે. સરકારને કોવિશિલ્ડને ડિસેમ્બર સુધીમાં ૬૬ કરોડ ડોઝ પુરા પાડવા ઓર્ડર આપ્યો છે. દર મહીને કોવિશિલ્ડના ૨૦ કરોડથી વધુ ડોઝ સરકારને મળશે અને કોવેકસીનને ૨૮.૫૦ કરોડ ડોઝનો ઓર્ડર આપ્યો છે.દેશમાં કોરોના વેકસીનેશનના ઝડપથી આગળ વધી રહેલા કાર્યક્રમમાં કેન્દ્ર સરકારે દેશના વેકસીન ઉત્પાદકો પર નિકાસ પ્રતિબંધ લાદી દેતા વિશ્વ આરોગ્ય સંસ્થાના વૈશ્વીક વેકસીનેશન પ્રોગ્રામની પણ અસર થશે. કેન્દ્ર સરકારે જાહેર કર્યુ છે કે જયાં સુધી ભારતીય તમામ વયસ્કોને વેકસીનેટ કરાશે નહી. ત્યાં સુધી વેકસીનની નિકાસ ને મંજુરી અપાશે નહી.

## ચુંટણી આવતા ફરી પાસ અને SPG દ્વારા ગુજરાતમાં પાટીદાર અનામત માટે સક્રિય

ગાંધીનગર,

કેન્દ્રીય સામાજિક અને ન્યાય બાબતોના મંત્રી રામદાસ આઠવલેએ કહ્યું હતું કે, ગુજરાતના પાટીદારો, મહારાષ્ટ્રના મરાઠા અને હરિયાણાના રાજપૂતોને ઓબીસી ક્વોટા હેઠળ અનામત ના આપી શકાય. આ તમામ સમુદાયને અલગ ક્વોટા બનાવીને અનામત મળવી જોઈએ અને તેમનો ઓબીસીમાં સમાવેશ થઈ શકે નહીં. આઠવલેએ અમદાવાદમાં પ્રેસ કોન્ફરન્સ યોજી હતી હતી તેમાં પાટીદારોને અનામત મળવા અંગે આ મહત્વપૂર્ણ નિવેદન આપ્યું હતું. આ નિવેદન અંગે પણ ચર્ચા થવાની શક્યતા છે. આ પહેલાં ૭ ઓગસ્ટે પાટીદારોનાં બે મોટાં સંગઠનો સરદાર પટેલ ગ્રુપ અને પાટીદાર અનામત આંદોલન સમિતીની મહેસાણામાં યોજાયેલી બેઠકમાં ગુજરાતમાં પાટીદારોનું આંદોલન ફરી શરૂ કરવાનો નિર્ણય લેવાયો હતો. સરદાર પટેલ ગ્રુપ અને પાટીદાર અનામત આંદોલન સમિતી ની બેઠકમાં નિર્ણય કરાયો છે કે, આગામી સમયમાં ફરીથી પાટીદાર આંદોલન પાર્ટ ૨ શરૂ કરવામાં આવશે. મહેસાણામાં સરદાર પટેલ ગ્રુપ ના લાલજી પટેલ અને પાટીદાર અનામત આંદોલન સમિતી ના અલ્પેશ કથેરિયા વચ્ચે પોતપોતાના સમર્થકો સાથે બેઠક થઈ હતી. પાટીદાર સમાજના પડતર પ્રશ્નો ઉકેલવા યોજાયેલી બેઠકમાં એ વાત પર ભાર મૂકાયો હતો કે, પાટીદાર સમાજ દ્વારા આનંદીબેન પટેલની સરકાર વખતે કરાયેલા આંદોલનમાં રજૂ કરાયેલી માંગણીઓ પૈકી હજુ કેટલીક માંગ બાકી છે અને સરકારે તેનો અમલ કર્યો નથી. આ માગણીઓનો તાકીદે અમલ કરાવવા માટે સરદાર પટેલ ગ્રુપ અને પાટીદાર અનામત આંદોલન સમિતી સંયુક્ત રીતે આંદોલન કરશેકેન્દ્રની નરેન્દ્ર મોદી સરકારે રાજયોને ઓબીસી અનામતની યાદીમાં ફેરફાર કરવાનો અધિકાર આપતાં પાટીદારોને અન્ય પછાત વર્ગ (ઓબીસી)માં સમાવીને અનામત આપવાનો માર્ગ મોકળો થયો હોવાની ચર્ચા ચાલી રહી છે. આ માહોલમાં પાટીદારોને અનામત અપાવવા માટે આંદોલન કરનારાં પાટીદારોનાં બે મોટાં સંગઠનો સરદાર પટેલ ગ્રુપ અને પાટીદાર અનામત આંદોલન સમિતી ની અમદાવાદમાં બેઠક યોજવાનો નિર્ણય લેવાયો છે. સરદાર પટેલ ગ્રુપ અને પાટીદાર અનામત આંદોલન સમિતી ની આ બેઠકમાં પાટીદારોને અનામત આપવા સહિતની સમાવાવની જૂની માંગણીઓ અંગે ચર્ચા કરાશે. અલ્પેશ કથીરિયા, લાલજી પટેલ, દિનેશ બાંભણીણા સહિતના પાટીદાર આગેવાનો વિવિધ પડતર માંગણીઓને અંગે ચર્ચા કરીને ભાવિ રણનીતિ ઘડશે.



ગાંધીનગરના કલોલમાં રિક્ષામાં મુસાફરના સ્વાંગમાં બેસી લોકોને લુંટતા ૨ શખ્સની ધરપકડ કરવામાં આવી હતી આ આરોપીઓ ગાંધીનગરના કલોલ તાલુકાના ધમાસણા ગામથી મંજુરી કામ કરતા પરપ્રાંતિયઓ રિક્ષામાં બેસી કામ અર્થે બહાર જતા હતા તે દરમ્યાન રિક્ષામાં બેઠેલા શખ્સ દ્વારા નજર ચુકવી તેમનું પાકિટ દસ્તાવેજો સાથે રોકડ રકમ ચોરી ગયા હતા. ત્યારબાદ ફરિયાદ થતાં આ બંને આરોપીને મુદ્દામાલ સાથે પોલીસે પકડી લીધા હતા.

## અમદાવાદના બિલ્ડરો ITની ઝપટમાં આવી જાય તેવા સંકેતો

દિલ્હી,

નીલા ઈન્ફ્રાસ્ટચર લિમિટેડ અને તેની સાથે સંકળાયેલા રિયલ એસ્ટેટ બ્રોકર અશોકકુમાર ભંડારી, દિપક ઠક્કર, યોગેશ પુજારા, પ્રશાંત શરખેડી, જગદીશ પવારા, શીતલ ઝાલાના બોપલ આંબલી રોડ, જજીસ બંગલો રોડ, થલતેજમાં આવેલા બંગલામાં દરોડા પાડતા જમીન ખરીદીના સોદાઓ અને મોટા પ્રોજેક્ટમાં કેટલુ રોકાણ કરવામા આવ્યુ તેના દસ્તાવેજો મળી આવ્યા છે જેની ગણતરી કરવામા આવી છે. રોકડ રકમ અને જવેરાત પણ મળી આવ્યુ છે જો કે, સરકારી વેલ્યુઅરની મદદ પણ લેવાઈ છે.રિયલ એસ્ટેટ બ્રોકર અશોક ભંડારી અને દિપક ઠક્કર દ્વારા કરોડો રૂપિયાનુ રોકાણ કર્યુ હોવાના પુરાવા મળી આવ્યા છે જેના આધારે ટેક્સ ચોરીનો અંદાજ લગાવવામા આવી રહ્યો છે. દરોડાનુ ડાયરેક્ટ મોનિટરિંગ સીબીડીટી નવી દિલ્હી દ્વારા કરવામા આવી રહ્યુ છે.નજીકના દિવસોમાં અમદાવાદના બિલ્ડરો આઈટીની ઝપટમાં આવી જાય તેવા સંકેતો મળ્યા છે. આવકવેરા વિભાગના અધિકારીઓએ સમભાવ ગ્રુપના માલિક કિરણ વડોદરિયા અને મનોજ વડોદરિયા અને તેમની સાથે સંકળાયેલા છ જેટલા રિયલ એસ્ટેટ બ્રોકરોને ત્યાં દરોડાની કામગીરી બીજા દિવસે પણ ચાલુ રાખતા કરોડો રૂપિયાના બેક્રીગ ટ્રાન્ઝેક્શન અને બ્લેકમની સંબધિત દસ્તાવેજો કોથળા ભરીને જપ્ત કર્યા છે. આઈટીના ૧૨૫ અધિકારીઓએ સમભાવ હાઉસમાં નીલા ઈન્ફ્રાસ્ટ્ર્કચર લમિટેડની ઓફિસમાં દરોડાની કામગીરી હાથ ધરી હતી. દરોડા દરમ્યાન એક ઔદ્યોગિક જૂથ પાસેથી ઈન્ફ્રકચર ડેવલપમેન્ટના કામ માટે મોટી રકમ રોકડમાં લઈને હેરાફેરી કરી હોવાનુ પણ આઈટીના ધ્યાનમાં આવ્યુ છે.દરો.ડા દરમ્યાન જુદી જુદી જગ્યાએ ૩ કરોડની રોકડ રકમ મળી છે. આ ઉપરાંત દસ બેક્ર લોકરો સીલ કરાયા છે. મોબાઈલ ફોનમાંથી પણ મહત્વના ડેટા મળ્યા છે જેની તપાસ ચાલી રહી છે.

## ડેન્ગ્યુનો નવો ડીર સ્ટ્રેન જોવા મળતા યુપીના ફિરોજબાદ, મથુરા અને આગ્રામાં હાહાકાર



નવી દિલ્હી,

ડેન્ગ્યૂમાં લોહી વહેવાની સાથેતાવઅને શોક સિન્ડ્રોમ જોવા મળે છે જે મૃત્યુનું કારણ પણ બની શકે છે. ડેન્ગ્યૂના મચ્છર એકત્રિત પાણીમાં જન્મે છે જેમકે કૂલર, પાણીની ટાંકી, પક્ષીના પાણીના વાસણ, ફ્રિઝની ટ્રે, નારિયેળની ખોળ વગેરેમાં. એડીઝ મચ્છર ડેન્ગ્યૂની બીમારી ફેલાવે છે આ વધારે ઉચાઈ સુધી ઉડી શકતા નથી. ડેન્ગ્યૂના મચ્છર દિવસે કરડે છે. ડેન્ગ્યૂએક પ્રકારના વાયરસના કારણે થાય છે. આ બીમારી વરસાદમાં વધારે રહે છે. ડેન્ગ્યૂના લક્ષણ માંસપેશીમાં સાંધાનું દર્દ, અચાનકતાવઆવવો અને ગંભીર સ્થિતિમાં શરીરમાંથી લોહી વહેવાની સાથે પગ અને હાથ તથા મોઢા પર લાલ દાણા આવવાની સાથે આંખમાં બળતરાને જન્માવે છે. સખત માથાના દુઃખાવવાની સાથે ઉલ્ટીઓ પણ થાય છે. યૂપીના ફિરોઝબાદ, મથુરા અને આગ્રામાં જે પણ મોત થઈ રહ્યા છે તે ડેન્ગ્યૂના કારણે થઈ રહ્યા છે. અહીંથી ICMR દ્વારા જે સેમ્પલ લેવાયા તેમાં D2 સ્ટ્રેન જોવા મળ્યો છે જે ખતરનાક સાબિત થઈ શકે છે. ICMRના મહાનિર્દેશક ડો.બલરામ ભાર્ગવે કહ્યું કે યૂપીના ફિરોઝાબાદમાં અનેક જિલ્લામાં ડેન્ગ્યૂના તાવની માહિતિ મળી રહી છે આ માટે D2 સ્ટ્રેનકારણ માનવામાં આવી રહ્યો છે. સ્વાસ્થ્ય અને કલ્યાણ મંત્રાલય દ્વારા એક નિવેદનમાં કહેવાયું છે કે યૂપીના ફિરોઝાબાદમાં તાવના સેમ્પલની તપાસમાં આ સ્ટ્રેન સામે આવ્યો છે. ડો. ભાર્ગવે કહ્યું કે યૂપીનાફિરોઝાબાદઅને મથુરા અને આગ્રામાં પણ મોત થયા છે તેના માટેડેન્ગ્યૂકારણ રૂપ છે. તેઓએ કહ્યું કે આ જિલ્લામાં આઈસીએમઆર દ્વારા જે સેમ્પલ લેવાયા હતા તેમાં D2 સ્ટ્રેનજોવા મળ્યો છે અને તે લોહીના વહેવાનું કારણ બની શકે છે, આ સાથે તે ઘાતક પણ બની શકે છે. આ સમયે ભાર્ગવે યૂપીની જનતાને મચ્છરોથી સાવધાન રહેવાની સલાહ આપી છે. તેઓએ કહ્યું કે મચ્છરની શકયતા વાળી જગ્યા પર અને લાંબા સમય સુધી પાણી જમા રહેતું હોય ત્યાં જવાથી બચવું. આ સાથે સાફ સફાઈનું ધ્યાન રાખવું. જાણકારોના આધારે ડેન્ગ્યૂનો D2 સ્ટ્રેનસૌથીખતરનાકમાનવામાં આવે છે. તેનાથી સંક્રમણમાં દર્દીના શરીર પર ૩-૫ દિવસમાં લાલ ચકામા પડે છે. સાથે શરીરમાં બ્લડના પ્લેટલેટ્સ પણ ઝડપથી ઘટવા લાગે છે.

# દાહોદ શહેરા સહિત જીલ્લામાં વિઘ્નહર્તા શ્રીજીની મૂર્તિઓની સ્થાપના કરી

દાહોદ,

વિઘ્નહર્તા દુંદાળા દેવ ગણપતિની આજે સોસાયટી સોસાયટી તેમજ ઘરે ઘરે સ્થાપના કરવામાં આવી હતી. દાહોદ શહેર સહિત જિલ્લામાં ગણેશ ભક્તોએ ગણપતિને વાજતે ગાજતે ઢોલ નગારાની સાથે સ્થાપના કરી હતી.

આજે ગણેશ ચતુર્થીના પાવન આ અવસરે દાહોદ શહેર વાસીઓએ તેમજ જિલ્લાવાસીઓએ શાસ્ત્રો તેમજ વિધિસર મંત્રો ઉચ્ચારો સાથે દુંદાળા દેવ ગણપતિની પ્રતિમાની ઘરે-ઘરે તેમજ સોસાયટીએ સ્થાપના કરી હતી. દસ દિવસ સુધી ગણેશજીની પૂજા અર્ચના તેમજ આરતી કરી ગણેશ મહોત્સવની લોકો ઉત્સાહભેર ઉજવણી કરશે.


તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

છેલ્લા બે વર્ષના સમયગાળા દરમ્યાન અનેક નાના-મોટા તહેવારોમાં રંગમાં ભંગ ચોક્કસપણે પડ્યો છે, પરંતુ ચાલુ વર્ષે ગણેશ મહોત્સવમાં સરકાર દ્વારા નાની-મોટી છૂટછાટો અપાતા ગણેશ મંડળોમાં આનંદની લાગણી વ્યાપી જવા પામી છે, પરંતુ તેની સાથે સાથે સહકારની કોરોના ગાઈડ લાઈનનો પણ ચુસ્તપણે પાલન કરવાનું રહેશે તેવી પણ સૂચના સંલગ્ન વહીવટીતંત્ર દ્વારા આપી દેવામાં આવી છે અને જાહેરનામા પ્રમાણે ગણેશ મહોત્સવની ઉજવણી કરવામાં આવશે.

# સંજેલી સરપંચે લોકલ બસો જુના બસસ્ટેશન થઈ નવા બસ સ્ટેશન તરફ લઈ જવા બાબતે ભલામણ પત્ર લખ્યો

સંજેલી,

સંજેલીમાં થોડા દિવસ અગાઉ ૧ કરોડ ૬૭ લાખના ખર્ચ નવનિર્માણધીન પામેલ સંજેલીથી ૧ કિમિ દૂર હોવાના કારણે મુસાફરો સહિત પ્રજાને ભારે અગવડતા વેઠવાનો વારો પડે છે. રાત્રીના અરસામાં વયોવૃદ્ધ, ગ્રામ્ય વિસ્તારના સહિત અન્ય મુસાફરોએ ભારે જહેમત ઉઠાવી ઘર તરફ પ્રયાણ કરવાનો વારો પડ્યો છે. કેમકે, નવનિર્મિત પામેલ બસસ્ટેશન ચેક દૂર હોવાના કારણે ભારે અવરોધનો સામનો કરવો પડતો હોય છે. સંજેલી વેપારી મંડળ દ્વારા પણ બસ સ્ટોપેજ ફાળવવાની માંગને લઈને આવેદન પત્ર સુપ્રત કરવામાં આવ્યું છે. ત્યારે દરેક બાબતોને ધ્યાને લઈ સંજેલી સરપંચ કિરણભાઈ રાવત દ્વારા ઝાલોદ ડેપો મેનેજરને રૂબરૂ મુલાકાત લઈ ભલામણ પત્ર આપવામાં આવ્યો છે. ભલામણ પત્રમાં જણાવ્યા અનુસાર સંજેલી ગામે નવીન બસસ્ટેશન શરૂ કરવામાં આવેલ છે પરંતુ અમારા ગામના વેપારીઓ,અને ગ્રામજનોની રજુઆત આવેલ છે કે ઝાલોદ, ફતેપુરા, લીમડી, દાહોદની બસો બાયપાસ થઈને જાય છે. લોકલ તમામ બસો વાયા સંજેલી જુના બસસ્ટેશન તથા મેઈન બજારમાં થઈને જાય તો વેપારી,તેમજ ગ્રામજનોને અવર-જવર માટે પડતી મુશ્કેલી દૂર થાય તેમ છે. જેથી તમામ લોકલ બસો વાયા મેઈન બજાર થતા જુના બસસ્ટેશન થઈને જાય તે માટે તાત્કાલિક શરૂ થાય તેવી મારી ભલામણ છે. તેવું પત્રમાં જણાવ્યું હતું અને સંજેલી ઝાલોદ ડેપો મેનેજરને રૂબરૂ જઈને ભલામણ પત્ર આપ્યો હતો.


તસ્વીર : ફરહાન પટેલ, સંજેલી

# દાહોદના ભાઠીવાડા ગામના મહિલા સહિત ત્રણ ઈસમોએ સગીરાનું અપહરણ કરી મરજી વિરૂદ્ધ દુષ્કર્મ કરતાં ફરિયાદ

દાહોદ,

દાહોદ તાલુકાના ભાઠીવાડા ગામેથી એક મહિલા સહિત ત્રણ ઈસમોએ પોતાના કબજાની બે મોટરસાઈકલો પર સવાર થઈ આવ્યાં હતા અને દાહોદ તાલુકામાં રહેતી એક ૧૬ વર્ષીય સગીરાને મારી નાંખવાની ધમકી આપી એકે પોતાની પત્નિ તરીકે રાખવા સારૂં પોતાના બે મિત્રોની મદદ લઈ સગીરાનું અપહરણ કરી અમદાવાદ મુકામે લઈ જઈ ત્યાં સગીરાની મરજી વિરૂધ્ધ એકે બળાત્કાર ગુજારતાં આ મામલે પોલીસમાં ફરિયાદ નોંધાતાં પોલીસે ત્રણેયના ધરપકડના ચક્રોગતિમાન કર્યા છે.

ગત તા.૦૫મી જુનના રોજ દાહોદ તાલુકાના વાંદરીયા ગામે રહેતાં અરવિંદભાઈ મુકેશભાઈ ભુરીયા, રમેશભાઈ મંગળાભાઈ ભુરીયા અને રમતુબેન રમેશભાઈ ભુરીયાનાઓ ભાઠીવાડા ગામે બે મોટરસાઈકલો પર સવાર થઈ આવ્યાં હતાં અને દાહોદ તાલુકામાં રહેતી એક સગીરાને ભાઠીવાડા ગામેથી મારી નાંખવાની ધમકીઓ આપી અરવિંદભાઈની પત્નિ રાખવા સારૂં સગીરાને બળજબરીપુર્વક મોરસાઈકલ પર બેસાડી અપહરણ કરી લઈ દાહોદ બસ સ્ટેશન ખાતે આવ્યાં હતાં અને જ્યાંથી અરવિંદભાઈએ સગીરાને બસ મારફતે અમદાવાદ મુકામે લઈ જઈ ત્યાં સગીરાની મરજી વિરૂધ્ધ અવાર નવાર અરવિંદભાઈએ બળાત્કાર ગુજારતાં આખરે તેના ચંગુલમાંથી છુટી સગીરા પોતાના પરિવારજનો પાસે આવ્યાં હતાં ઉપરોક્ત સઘળી હકીકત પરિવારજનોને કરતાં પરિવારજનો દાહોદ પોલીસ મથકે આવી પહોંચ્યાં હતાં અને જ્યાં ઉપરોક્ત મહિલા સહિત ત્રણ ઈસમો વિરૂધ્ધ સગીરાના વાલી વારસ દ્વારા ફરિયાદ નોંધાવતાં પોલીસે ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# ઝાલોદની સીમળીયા ગામે પતિએ જમવા બાબતે પત્નીને માથાના ભાગે ફટકા મારી ગંભીર ઈજાઓ પહોંચાડતા ફરિયાદ

દાહોદ,

દાહોદ જિલ્લાના ઝાલોદ તાલુકાના સીમળીયા ગામે પતિએ દ્વારા જમવાનું બનાવવાના મામલે પત્નિ સાથે બોલાચાલી કરી પત્નિને માથાના ભાગે કુહાડીના ફટકા મારી ગંભીર ઈજાઓ પહોંચાડતાં ગંભીર ઈજાગ્રસ્ત પત્નિ હાલ દવાખાને સારવાર અર્થે હોવાનું જાણવા મળી રહ્યું છે.

ગત તા.૦૮મી સપ્ટેમ્બરના રોજ ઝાલોદ તાલુકાના સીમળીયા ગામે મહેલીયા ફળિયામાં રહેતાં બાબુભાઈ ઉર્ફે બાલુભાઈ ચુનીયાભાઈ કિશોરીએ પોતાની પત્નિ સોમલીબેન સાથે જમવાનું બનાવવાની બાબતે બોલાચાલી કરી હતી અને બાબુભાઈ એકદમ ઉશ્કરાઈ જઈ પોતાના હાથમાંની કુહાડી સોમલીબેનને માથાના ભાગે ફટકા મારતાં સોમલીબેન લોહીલુહાણ થઈ જતાં પરિવારજનો દ્વારા સોમલીબેનને નજીકના દવાખાને દવા સારવાર અર્થે ખસેડવામાં આવ્યાં હતાં.

આ સંબંધે ખુદ પુત્ર પ્રવિણભાઈ બાબુભાઈ ઉર્ફે બાલુભાઈ કિશોરી દ્વારા પોતાના પિતા બાબુભાઈ ઉર્ફે બાલુભાઈ કિશોરી વિરૂધ્ધ લીમડી પોલીસ મથકે ફરિયાદ નોંધાવતાં પોલીસે ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# દાહોદ તાલુકાના છાપરી ગામેથી ઘરના આંગણે પાર્ક કરેલ મોટરસાઈકલની ઉઠાંતરી

દાહોદ,

ગત તા.૧૩મી ઓગષ્ટના રોજ દાહોદ શહેરના ગોધરા રોડ ખાતે મસ્જીદની પાસે રહેતાં જાવેદ ઈકબાલ હુસેન મનસુરી છાપરી ગામે કોઈ કામ અર્થે આવ્યાં હતાં અને પોતાની મોટરસાઈકલ છાપરી ગામે કોટના કમ્પાઉન્ડમાં લોક મારી પાર્ક કરી હતી. આ મોટરસાઈકલને કોઈ અજાણ્યા ચોર ઈસમોએ પોતાનો કસબ અજમાવી મોટરસાઈકલનું લોક તોડી ચોરી કરી લઈ નાસી જતાં આ સંબંધે જાવેદ ઈકબાલ હુસેન મનસુરીએ દાહોદ તાલુકા પોલીસ મથકે ફરિયાદ નોંધાવતાં પોલીસે ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.


દાહોદ શહેરના રાજસ્થાન પંચાયત મંદિર ખાતે મહિલાઓ દ્વારા કેવડા ત્રીજના વ્રત કરી મહાદેવજીની પુજન અર્ચન કરી તે સમયની તસવીર.


શંકરભાઈના (સાગડાપાડા) નિવાસસ્થાને પ્રદેશ મહામંત્રી રત્નાકરજી, ભાર્ગવજી ભટ્ટ અને દાહોદના પ્રભારી પપ્પુભાઈ પાઠકનું સ્વાગત કરાયું. ગુજરાત પ્રદેશના મહામંત્રી રત્નાકરજી ભાર્ગવજી ભટ્ટ અને દાહોદના પ્રભારી પપ્પુભાઈ પાઠક દ્વારા ગુરૂવારના રોજ માનગઢ ધામની મુલાકાત લેવાઈ હતી. ત્યારબાદ દાહોદ જિલ્લા ભાજપ પ્રમુખ શંકરભાઈ અમલીયારના નિવાસ્થાને મુલાકાત લીધી હતી. જેમાં પ્રમુખ શંકરભાઈ આમલીયાર ધારાસભ્ય રમેશભાઈ કટારા તેમજ બાબુભાઈ આંમલીયાર દ્વારા મહાનુભાવોનું સાલ ઓઢાડી પુષ્પગુચ્છ આપી સ્વાગત કરવામાં આવ્યું હતું.

# દે.બારીયા શહેરની શુક્રવારી બજારમાં ટામેટાં, રીંગણ તથા કેશી મરચાંના છોડનું વેચાણ

દે.બારીયા,

દે.બારીયા પંથકમાં છેલ્લા એક સપ્તાહ થી વરસાદી માહોલ જોવા મળે છે. મોનસુન ખેંચાતા લગભગ દોઢથી બે માસ લેટ છે. જેના હિસાબે ધરતીપુત્રો પણ મુંઝવણમાં છે. અષાઢ, શ્રાવણ અને ભાદરવો વરસાદ આ ત્રણ માસ કુલ હોય છે. બે માસ લેટ વરસાદની ભાદરવામાં પૂરતી થઈ છે. આગળ પણ વરસાદની સંભાવના ખરી તેમ માની ચાલીએ તો એકંદરે ૨૫ થી ૩૦ ઈંચ વરસાદ થવા પામે તો પણ આપણે રાહતની શ્વાસ લેવાશે. હાલમાં ૨૭૧ થી ૨૭૫ મી.મ. સુધી વરસાદ નોંધાયો છે. જેથી ખેડુતોમાં હાલમાં હાથ ખર્ચ નિકળે તેવી ખેતીની વાવેતર કરીને પોતાના ખર્ચમાં દૈનિક વપરાતી શાકભાજી જેવા રીંગણાના છોડ તથા ટાંમેટા, મરચાના છોડનું શુક્વારી બજારમાં વેચાણ માટે વેપારીઓ પીકઅપ ગાડીમાં ભરી છોડનું વેચાણ કરતા જોવા મળે છે. આ છોડનું વાવેતર કરશે તો નવેમ્બર, ડીસેમ્બર માસમાં ટાંમેટા, રીંગણા તથા મરચાંને હાથ ખર્ચી નિકળી જશે. એક છોડના ભાવ રૂા.૧ થી રૂા. ૧.૫૦ પૈસામાં આ છોડ ખરીદી કરતા ખેડુતોમાં ઘસારો જોવા મળ્યો હતો.


તસ્વીર : મો.હુસૈન મકરાણી, દે.બારીઆ

# હાઈવે પર ધાડ પાડતી ટોળકીના ૪ આરોપીની ધરપકડ કરતી LCB અમદાવાદ

અમદાવાદ,

અમદાવાદ ગ્રામ્ય એલ.સી.બી પોલીસે ધોળકા રૂરલ પોલીસ સ્ટેશનમાં નોંધાયેલ અપહરણ સહિત લૂંટ ધાડના ગુનાનો ભેદ ઉકેલી કાઢ્યોછે. આ કેસમા ૪ આરોપીઓની ધરપકડ કરી છે. આ સાથે જ રૂપિયા ૧૮ લાખથી પણ વધુનો મુદ્દમાલ કબજે કરી લેવામાં આવ્યો છે. ઉલ્લેખનીય છે કે ગ્રામ્ય એલસીબી પોલીસે લૂંટમાં ગયેલ ટ્રક અને પાન મસાલાના ૪૫ બોક્સ પણ કબજે કરી લીધા છે. ધોળકા રોડ પર આવેલા બદરખા ગામ પાસેના હાઈવે પર ફિલ્મી ઢબે એક લૂંટની ઘટનાને અંજામ આપવામાં આવ્યો હતો. જેમાં ૬ જેટલા આરોપીઓએ ફિલ્મી સ્ટાઈલથી એક ટ્રકનો પીછો કર્યો હતો. લૂંટારું ટોળકીએ ટ્રકને ઓવરટેક કરી ટ્રકના ડ્રાઈવરનું અપહરણ કરી વલસાડના ડુંગરી ખાતે બંધક બનાવી દીધો હતો અને ટ્રકમાં રહેલા મુદ્દામાલ સહિત કુલ ટોટલ ૩૪,૬૨,૯૪૫ રૂપિયાની લૂંટ ચલાવી હતી. આ અંગે ધોળકા રૂરલ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાઈ હતી. જેમાં અમદાવાદ ગ્રામ્ય એલ.સી.બીએ ચાર આરોપીઓની ધરપકડ કરીને લૂંટમાં ગયેલી ટ્રક સહિત કુલ ૧૮,૭૨,૬૩૦ રૂપિયાનો મુદ્દમાલ રિકવર કર્યોછે. સમગ્ર લૂંટ વિથ ધાડના ગુનામા સંડોવાયેલ મુખ્ય આરોપી નદીમમિયાં અમદાવાદના વટવા વિસ્તારનો રહેવાસી છે. તે વિમલ કંપનીમાં ડ્રાઈવર તરીકે નોકરી પણ કરે છે. નદીમમિયાએ મિત્ર સલમાન શેખ નામના આરોપીની સાથે રહીને કાવતરું રચ્યું હતું અને સમગ્ર રુટ અને મુદ્દામાલ અંગેની માહિતી આપી હોવાનું પોલીસ તપાસમાં સામે આવ્યું છે. બાદમાં આ બંને આરોપીઓએ મૂળ ઉત્તરપ્રદેશના સમસાદહુસેન રહેમની, જે હાલ મુંબઈમાં રહે છે તેની સાથે મળીને ધાડ પાડવાનો ફિલ્મી પ્લોટ તૈયાર કર્યો હતો. ચારેય આરોપીઓની ધરપકડ વિશાલા ચાર રસ્તા પાસેથી ગ્રામ્ય એલ.સી.બી પોલીસે કરી છે. આ ચારેય આરોપીઓએ પાન મસાલા ભરેલી ટ્રકને રોકીને તેના ડ્રાઈવરનું અપહરણ કરીને બંધક બનાવી લૂંટ ચલાવી હતી. હાલ પોલીસે આરોપીઓની ધરપકડ કરીને અન્ય કોઈ ગુનામાં સંડાવયેલા છે કે નહિ તે દિશામાં તપાસ હાથ ધરી છે. સાથે જ આ કેસમાં ફરાર અન્ય ૬ જેટલા આરોપીઓની પણ શોધખોળ હાથ ધરી છે.

# ડબ્બા ટ્રેડિંગમાં તોડ કર્યા બાદ અધિકારીએ ખખડાવતા રકમ પાછી આપી પરંતુ ૧૮ લાખ ન આપ્યા

અમદાવાદ,

પોલીસ બેડામાં થઈ રહેલી ચર્ચા મુજબ ક્રાઈમ બ્રાન્ચમાં શુટબુટમાં વરરાજાની જેમ ફરતા એક પીઆઈ અને અન્ય એક પીએસઆઈએ પશ્ચિમ વિસ્તારમાં થોડા સમય પહેલા લાઈસન્સ વગર ચાલતું ડબ્બા ટ્રેડીંગ કૌભાંડ ઝડપી પાડયું હતુ. ક્રાઈમ બ્રાન્ચે બે આરોપીની ધરપકડ કરી હતી. ઉપરાંત મુખ્ય આરોપીને પકડવા ક્રાઈમ બ્રાન્ચની એક ટીમ અમદાવાદ બહાર ગઈ હતી. દરમ્યાન પકડાયેલા બન્ને આરોપીને રિમાન્ડ વખતે નહીં મારવા અને અન્ય પુરાવા નાશ કરવા માટે ક્રાઈમ બ્રાન્ચના એક પીઆઈ અને પીએસઆઈએ ૫૦ લાખનો તોડ કર્યો હતો. જો કે, તોડ કર્યા બાદ પણ આ પીઆઈ અને પીએસઆઈએ આરોપીને રિમાન્ડ દરમ્યાન ફટકાર્યા હતા. જેથી રૂ.૫૦ લાખ તોડકાંડની ગંધ ઉચ્ચ પોલીસ અધિકારીઓ સુધી પહોંચી હતી. ઉચ્ચ અધિકારીએ તાત્કાલિક પીઆઈને ખખડાવીને રૂ.૫૦ લાખ પરત કરવા આદેશ કર્યો હતો. પરંતુ પીઆઈ રાજકીય વગ ધરાવતા હોવાથી ઉચ્ચ અધિકારીના આદેશની અવગણના કરી હતી. ફરીથી ઉચ્ચ અધિકારીએ પીઆઈ પીએસઆઈને પોતાની ચેમ્બરમાં બોલાવીને રીતસરના ખખડાવીને તમામ રૃપિયા પરત આપવા કહ્યું હતુ. જેથી પીએસઆઇ ગભરાઇ જતાં તેણે તેના અને પીઆઇ પાસેથી તોડના પૈસા લઈને આરોપીઓને પરત રૃ. ૩૨ લાખ આપ્યા હતા. બાકીના રૃ.૧૮ લાખ શુટ બુટમાં ફરતા પીઆઈએ તેમની પાસે રાખ્યા હતા. જાંબાઝ ક્રાઈમ બ્રાન્ચમાં વરરાજાની જેમ જ સજીધજીને ફરતા એક પીઆઈ અને પીએસઆઈએ થોડા સમય પહેલા ડબ્બા ટ્રેડીંગ કૌભાંડ પકડીને રૃ. ૫૦ લાખનો તોડ કર્યો હતો. જો કે, પીઆઈ અને પીએસઆઇ રૃપિયા લીધા બાદ આરોપીઓની શરત ન માનતા અંતે તોડ પ્રકરણ બહાર આવ્યું હતુ. ઉચ્ચ અધિકારીએ PI-PSIને ખખડાવતા અંતે રૃ.૩૨ લાખ પરત આપ્યા હતા. બાકીના ૧૮ લાખ PIએ પાસે રાખી લીધા હતા. પીઆઈએ રાજકીય વગનો લાભ લઈને તોડનો તમામ દોષનો ટોપલો પીએસઆઈના માથે ઢોળ્યો હતો.

# કોઈપણ કાયદાકીય સંસ્થાઓને ફ્યુચર ડીલ અંગે આદેશ ન આપે : સુપ્રિમ કોર્ટ

નવી દિલ્હી,

સુપ્રીમ કોર્ટે પોતાના આદેશમાં એનસીએલટી, સીસીઆઇ અને સેબી જેવી કાયદાકીય સંસ્થાઓને આગામી ચાર સપ્તાહ સુધી મર્જર ડીલને લગતા કોઈ અંતિમ આદેશ ન આપવા નિર્દેશ આપ્યો છે. સુપ્રીમ કોર્ટે બંને પક્ષોને સાંભળ્યા બાદ કેસમાં અંતિમ ચુકાદો અનામત રાખ્યો છે. ફ્યૂચર રિટેલ અને ફ્યૂચર કુપન પ્રાઈવેટ લિમિટેડએ ૧૭ ઓગસ્ટે દિલ્હી હાઈકોર્ટના આદેશની વિરૂદ્ધ સુપ્રીમ કોર્ટમાં અરજી કરી છે જેમાં કહેવામાં આવ્યું છે કે તે તેના સિંગલ જજ દ્વારા અગાઉના આદેશને અમલમાં મૂકશે જે ઈમર્જન્સી આર્બિટ્રેટરના એવોર્ડને અનુલક્ષીને ફ્યુચર રિટેલને રિલાયન્સ સાથેના સોદામાં આગળ વધતા અટકાવશે. ઉલ્લેખનિય છે કે, માર્ચમાં દિલ્હી હાઈકોર્ટે તો ફ્યૂચર ગ્રૂપની કંપનીઓ-ફ્યૂચર રિટેલ અને ફ્યૂચર કૂપનની સંપત્તિઓ ટાંચમાં લેવાનો પણ આદેશ આપ્યો હતો. જો કે સુપ્રીમ કોર્ટના નવા નિર્દેશને પગલે ફ્યૂચર ગ્રૂપની સંપત્તિ જપ્ત થવા પર રોક લાગી જતા કિશોર બિયાનીને મોટી રાહત મળી છે.ફ્યૂચર રિટેલ અને રિલાયન્સ રિટેલ વચ્ચેની ડીલ મામલે સુપ્રીમ કોર્ટે એક મહત્વપૂર્ણ ચુકાદો આપ્યો છે જેનાથી કિશોર બિયાનીને રાહત મળી છે.

# દેશમાં ૫ એરપોર્ટનું નવીનીકરણ થશે

નવી દિલ્હી,

કેન્દ્રીય નાગરિક ઉડ્ડયન મંત્રી જ્યોતિરાદિત્ય સિંધિયાએ પોતાના મંત્રાલયના ૧૦૦ દિવસના પ્લાન અંગે જાણકારી આપી. તેમણે કહ્યું કે યોજનાને પૂરી કરવા માટે ૩૦ ઓગસ્ટથી ૩૦ નવેમ્બર સુધીનો સમય નક્કી કરાયો છે. યોજના મુજબ જે ૫ એરપોર્ટનું નવીનીકરણ કરાશે તેમાં ગુજરાતના કેશોદ, ઝારખંડના દેવઘર, મહારાષ્ટ્રના ગોંદિયા અને સિંધુદુર્ગ ઉપરાંત ઉત્તર પ્રદેશના કુશીનગરમાં બનશે. હેલીપોર્ટ હિમાચલ પ્રદેશના શિમલા, મનાલી, મંડી, અને બદ્દી ઉપરાંત ઉત્તરાખંડના હલ્દવાની અને અલ્મોડામાં બનાવવામાં આવશે. જ્યોતિરાદિત્ય સિંધિયાએ જણાવ્યું કે એક અન્ય એરપોર્ટ ઉત્તર પ્રદેશના ઝેવરમાં બનશે. આ એરપોર્ટ ફક્ત યુપી નહી પરંતુ સમગ્ર દેશ માટે એક મહત્વકાંક્ષી પ્રોજેક્ટ હશે. જેમાં ૩૦,૦૦૦ કરોડ રૂપિયાનું રોકાણ કરાશે. ઉત્તરાખંડના દહેરાદૂન એરપોર્ટમાં ૪૫૭ કરોડ રૂપિયાનું રોકાણ થઈ રહ્યું છે. ત્યાં એક નવું ટર્મિનલ ભવન બનાવવામાં આવશે. ત્યારબાદ ટર્મિનલ ભવન વર્તમાનમાં ૨૫૦ મુસાફરોની જગ્યાએ ૧૮૦૦ મુસાફરોને સંભાળી શકશે. સિંધિયાએ જણાવ્યું કે અન્ય એક એરપોર્ટ ઉત્તર પ્રદેશના કુશીનગરમાં ૨૫૫ કરોડ રૂપિયાના ખર્ચે બનશે. અહીં એરબસ ૩૨૧ અને બોઈંગ ૭૩૭ જેવા વિમાનો પણ લેન્ડ કરી શકશે. કુશીનગર બૌદ્ધ સર્કિટનું કેન્દ્રબિન્દુ બનશે. એક એરપોર્ટ ત્રિપુરાના અગરતલામાં ૪૯૦ કરોડ રૂપિયાના ખર્ચે બનશે. રોકાણ બાદ તેની ક્ષમતા ૧૨૦૦ મુસાફરો પ્રતિ કલાકની થશે. ઉડાન યોજના હેઠળ ગુજરાતના કેશોદ એરપોર્ટને પણ સરકારની ઉડાન યોજના હેઠળ વિકસાવવામાં આવશે. દેશમાં વધુમાં વધુ વિસ્તારોમાં હવાઈ સેવાઓની પહોંચ વધે એટલે કેન્દ્રની મોદી સરકાર UDAN યોજના લઈને આવી છે. જે હેઠળ નાના નાના શહેરોમાં હવાઈ સેવાઓ શરૂ કરવામાં આવી રહી છે. આ દિશામાં સરકારે એક ડગલું આગળ વધારતા દેશમાં ૫ એરપોર્ટનું નવીનીકરણ કરાશે, હેલીપોર્ટ શરૂ કરાશે અને નવા હવાઈ રૂટ્સ ખોલવાની જાહેરાત પણ કરી છે. મોદી સરકારનું આ નવું એવિએશન રિફોર્મ છે. સરકારે જાહેરાત કરી છે કે દેશમાં ૫ નવા એરપોર્ટ બનશે, ૬ હેલીપોર્ટ તૈયાર થશે અને ૫૦ નવા રૂટ્સ પર ઉડાન શરૂ કરાશે. જેમાંથી ૩૦થી વધુ રૂટ્સની શરૂઆત આગામી મહિને એટલે કે ઓક્ટોબરથી શરૂ કરવાની યોજના છે.

# ગુજસીકોટના કેસમાં નામચીન નિખિલ દોંગાના સાગરિત પર મોટી કાર્યવાહી

અંજાર,

ગુજરાત રાજયના ગૃહ વિભાગના હુકમ અનુસાર આ મિલકત જપ્ત કરવામાં આવી હોવાનું જાણવા મળી રહ્યું છે. તપાસનીશ અધિકારી જેતપુર ASP સાગર બાગમાર દ્વારા મિલકત જપ્ત કરવામાં આવી છે. ગોંડલની સબ જેલ ને 'જલસા જેલ્લ બનાવી સૌરાષ્ટ્ર ગુજરાતમાં હવાલા કબાલા સહિત ગુનાહિત પ્રવૃત્તિઓના નેટવર્કના પર્દાફશ બાદ ગેંગસ્ટર નિખિલ દોંગા અને તેની ગેંગના સાગરીતોને ગુજસીટોક કાયદા હેઠળ દબોચી જેલ હવાલે કરી દેવાયા પછી નિખિલનો નાંણા અને વહીવટી હિસાબ રાખનાર ગોંડલનાં પીયૂષ કોટડીયાની મિલ્કત ગૃહખાતાના આદેશથી પોલીસ તંત્ર દ્વારા જપ્ત કરવામાં આવતા ગુજસીટોક કેસની મિલકત જપ્તીની પ્રથમ ઘટના ગોંડલ ખાતે નોંધાઈ છે. આ વિશે મળતી માહિતી પ્રમાણે ગોંડલના નામચીન નિખિલ દોંગા અને તેની ગેંગ વિરુદ્ધ નોંધાયેલા ગુજસીટોક કેસની તપાસ જેતપુરના મદદનીશ પોલીસ અધિક્ષક સાગર બાગમાર ચલાવી રહ્યા હતા. જેના કારણે રાજયના ગૃહ વિભાગ ગાંધીનગર સેક્શન અધિકારી દ્વારા નિખિલ દોંગાના નાણાકીય અને વહીવટી કામ સંભાળનાર પિયુષ કોટડીયાના ગોંડલ નગરપાલિકાની હદમાં આવેલા શાસ્ત્રીનગર મેઈન રોડ પરના મકાન જપ્ત કરવાનો આદેશ કરતા પોલીસ અધિક્ષક સાગર બાગમાર સહિતના અધિકારીઓએ સ્થળ પર દોડી જઈ મકાનની જપ્તી કરી છે. આ સાથે મદદનીશ પોલીસ અધિક્ષક સાગર બાગમારે જણાવ્યું હતું કે, શાપર ખાતે પણ પિયુષ કોટડીયાનો ખાલી પ્લોટ પડયો હોવાથી તેને પણ જપ્ત કરવાની કાર્યવાહી શરૂ કરવામાં આવી છે, આશરે રૂપિયા ૬૫ લાખની મિલકત જપ્તી પોલીસ તંત્ર દ્વારા કરવામાં આવી છે. ગુજસીટોક કાયદાની કલમ ૧૮માં સંગઠીત ગુનામાં ઝડપાયેલ આરોપીની પૈસા થતાં મિલકત જપ્તીનું પ્રાવધાન છે. જે મુજબ કાર્યવાહી કરવામાં આવી છે.ગોંડલ ગુજસીટોક કેસના ચકચારી પ્રકરણમાં ગુજરાતમાં પ્રથમ મિલ્કત જપ્ત કરવાની વિગત સામે આવી છે. આ ઘટનામાં ગોંડલના નામચીન નિખિલ ડોંગા ગુજસીટોક કેસના આરોપીની મિલકત જપ્ત કરાઈ છે. ગુજસીટોક આરોપી પિયુષ ગિરધારભાઈ કોટડીયાની મિલકત જપ્ત કરવામાં આવી છે.

Published by Karan Ajaykumar Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Modini Vadi No-1, Station Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www. panchmahalsamachar.com Editor : Karan Ajaykumar Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 25, No.17

પંચમહાલ આવૃત્તિ
ગોધરા, મોરવા(હ), શહેરા, કાલોલ, હાલોલ, જાંબુઘોડા, ઘોઘંબા



## શહેરા તાલુકાના જૂના વલ્લભપુર ગામ ખાતે પસાર થતી

# ત્રણ જીલ્લાની પોલીસ વિભાગની હદના વિવાદમાં સગીરનો મૃતદેહ આખી રાત પાણીમાં તરતો રહ્યો

- શહેરા તાલુકા પોલીસ નદી ખાતે આવીને મહિસાગર પોલીસની હદ લાગે જ્યારે મહીસાગર પોલીસ અમારી હદ નહી હોવાનુ રટણ કરી રહ્યા હતા.
- મહીસાગર, પંચમહાલ અને ખેડા પોલીસ વિભાગની હદના વિવાદ વચ્ચે સગીરના મૃતદેહ નો મલાજો જાણવી શકાયો નહી.
- આખી રાત મૃતદેહ નદીમાં રહેતા સ્થાનિક ગામના સેવાભાવી લોકો નદીમાં બેસી રહયા.
- નદીમાંથી મળી આવેલ લાશ બે દિવસથી ગુમ જૂની વાડી ગામ ખાતે રહેતા ૧૪ વર્ષીય વિરેન્દ્રસિંહ સોલંકીની.


તસ્વીર : તુષાર દરજી, શહેરા

શહેરા, શહેરાના જૂના વલ્લભપુર ગામ ખાતે પસાર થતી મહીસાગર નદીમાં સ્થાનિક લોકોને ગુરૂવારના દિવસે ચાર વાગ્યાની આસપાસ જૂની વાડી ગામના સગીરની લાશ તરતી જોવા મળતા પોલીસને જાણ કરવામાં આવી હતી. તાલુકા પોલીસ નદી ખાતે આવીને મહિસાગર પોલીસની હદ લાગે જ્યારે મહીસાગર પોલીસ અમારી હદ નહી હોવાનું રટણ કરી રહયા હતા. મહીસાગર, પંચમહાલ અને ખેડા પોલીસ વિભાગની હદના વિવાદ વચ્ચે સગીરના મૃતદેહનો મલાજો જાણવી શકાયો ન હતો. આખી રાત મૃતદેહ નદીમાં રહેતા સ્થાનિક ગામના સેવાભાવી લોકો નદીમાં બેસી રહયા હતા. સવારમાં દસ વાગ્યાની આસપાસ મૃતદેહનો અગ્નિસંસ્કાર કરવામાં આવ્યો હતો.

શહેરા તાલુકાના જૂના વલ્લભપુર ગામ ખાતે પસાર થતી મહીસાગર નદીમાં ગુરૂવારના દિવસે ચાર વાગ્યાની આસપાસ સ્થાનિક ગ્રામજન ને સગીરની લાશ તરતી જોવા મળતા તેઓ દ્વારા આ ગામના અગ્રણી જશવંતસિંહ બળવંતસિંહ સોલંકીને જાણ કરવામા આવી હતી. આ બાબતની જાણ ગામના અગ્રણી જશવંતસિંહ એ તાલુકા પોલીસને કરતા પોલીસ સ્ટાફ નદી ખાતે આવી પહોચ્યો હતો. સ્થાનિક પોલીસ દ્વારા નદીમાં તરતી લાશ મહીસાગર પોલીસ હદ વિસ્તારમાં આવતી હોવાનું જણાવીને તેઓ ત્યાંથી નીકળી ગયા હતા. જશવંતસિંહ સોલંકી દ્વારા મહીસાગર અને ખેડા પોલીસનો સંપર્ક કરવા છતાં હદ વિસ્તારને લઈને પોલીસ એકબીજા ને ખો આપી રહયા હતા. પોલીસ આ બાબતે કાર્યવાહી કરે તેવી આશાએ પોલીસની ઈમરજન્સી સેવા ૧૦૦ નંબર પર આ ગામના જાગૃત નાગરીક દ્વારા અનેક વખત કોલ કરવા છતાં કોઈએ ફોન નહી ઉપાડતા આ પોલીસની ઈમરજન્સી સેવા કહેવાતી શોભાના ગાંઠિયા સમાન પૂરવાર સાબિત થઈ હતી. આ ગામના અગ્રણી જશવંત સિંહ સોલંકી દ્વારા પોલીસ વિભાગ કાર્યવાહી કરે તે માટે સતત ત્રણ જિલ્લાની પોલીસનો સંપર્ક કરવા છતાં પોલીસએ કાર્યવાહી નહી કરતા નદી ખાતે તેઓ તેમજ જાગૃત ગ્રામજનો રાત્રિ દરમિયાન બેસી રહયા હતા. મહીસાગર નદી ખાતે સવારના સમયે ખેડા જિલ્લાની સેવાલિયા પોલીસ આવી જઈને નદીમાંથી સગીરની લાશને બહાર કાઢવામાં આવી હતી. નદી માંથી મળી આવેલ લાશ બે દિવસથી ગુમ જૂની વાડી ગામ ખાતે રહેતા ૧૪ વર્ષીય વિરેન્દ્રસિંહ સોલંકીની હોવાનું બહાર આવ્યુ હતું. સ્થાનિક ગ્રામજનો દ્વારા મૃતકના પરીવારજનોને જાણ કરવામાં આવતા તેઓ નથી ખાતે દોડી આવ્યા હતા. અને નદી ખાતે વિરેન્દ્રના મૃતદેહને અગ્નિસંસ્કાર કરવામાં આવ્યો હતો. પોલીસ પ્રજાની સુરક્ષા માટે હોય ત્યારે ત્રણ જિલ્લાની હદના વિવાદ વચ્ચે મહીસાગર નદી માંથી મળી આવેલ મૃતદેહનો જે મલાજો જળવાવો જોઈએ તે નહિ જળવાતા મૃતકના પરીવારજનો સહિત આ ગામના જાગૃત ગ્રામજનો પોલીસના આવા વર્તનથી નારાજ થયા હતા. પોલીસ તંત્ર દ્વારા મહીસાગર નદીમાં ફરીથી આવી ઘટના બને તે પહેલા હદ વિસ્તાર ને લઈને નિશાની કરવામાં આવે જેથી ફરીથી આવી પરિસ્થિતિનું નિર્માણ થતું અટકી શકે તો નવાઈ નહી. હાલ તો આ બનેલ આ બનાવને લઈને તાલુકા પંથકમાં ચકચાર મચી જવા પામી હતી.

## ગોધરા શહેરમાં ગણેશજીની સ્થાપના ધામધૂમથી કરાઈ છે ત્યારે

# પાંચ દિવસ બાદ યોજાનાર ગણેશ વિર્સજન પહેલા શહેરના માર્ગોના ખાડાઓ પુરવા જરૂરી


તસ્વીર : કમલ પંચાલ, ગોધરા

ગોધરા, ગોધરા શહેરમાં આજ પાંચ દિવસ ભકતોનું આર્તિથ્ય માણવા માટે શ્રીજી પધાર્યા છે. શહેરના ગણેશ મંડળોને મૂર્તિઓ ગણેશ પંડાલો સુધી લાવવામાં ખૂબ મહેનત કરવી પડે છે. કારણ કે, ગોધરા શહેરના મોટાભાગના રસ્તાઓ ઉપર ખાડાઓ એટલી હદ સુધી પડયા છે કે, વાહન લઈન તો શું પણ ચાલતા જવામાં પણ પડી જવાના અને ઈજાઓ થવાનો ભય સતાવી રહ્યો છે. ત્યારે શહેરમાં આજ થી પાંચ દિવસ બાદ યોજાનાર ગણેશ વિર્સજન યાત્રામાં ગણેશ ભકતોને શ્રીજીની મૂર્તિઓ સહીસલામત રીતે વિર્સજીત થાય ત્યાં સુધી અંકિત ન થાય તે માટે શહેરના માર્ગો ઉપર પડેલ ખાડાઓ પુરવા માટે પાલિકા તંત્ર તસ્દી લેશે કે કેમ તે પ્રશ્ન હાલ ગણેશ મંડળોના આયોજકોને સતાવી રહ્યો છે.

### ગોધરા પાલિકા તંત્ર શહેરના રસ્તા ઉપરના ખાડાઓનું પૂરણ કરાશે ખરૂં ?

ગોધરા શહેરમાં ધામધૂમ પૂર્વક વિઘ્નહર્તા ગણેશજી ભકતોનું આર્તિથ્ય સત્કાર સત્કાર માણવા માટે પધાર્યા છે. શહેર ગણેશ મંડળો દ્વારા ચાલુ વર્ષ કોરોનાકાળને લઈને સરકારની ગાઈડ લાઈન મુજબ ૪ ફુટ સુધીની મૂર્તિઓ લાવીને ભકિતભાવથી પૂજા અર્ચના શરૂ કરી છે. તેમાં અનેક ગણેશ મંડળો દ્વારા ચાલુ વર્ષે ગણેશ મહોત્સવમાં POPના સ્થાને માટીની મૂર્તિઓ લાવવામાં આવી છે. માટીની મૂર્તિને સ્થાપના સ્થળ સુધી સહીસલામત રીતે લાવવામાં ગણેશ મંડળના આયોજકોને પરેશાની વેઠવી પડે છે. કારણ કે, ગોધરા શહેરના મોટાભાગના જાહેર માર્ગો ઉપર ડામર કરતાં ખાડાઓ વધારે જોવા મળી રહ્યા છે. આવા ખાડાઓ વાળા માર્ગ ઉપર થી વાહનમાં ગણેશની મૂર્તિઓ સ્થાપના સ્થળ સુધીનો શ્રીજી ભકતો લઈ આવ્યા છે અને વિધિ વિધાન સાથે સ્થાપના કરીને શ્રીજીનું આર્તિથ્ય ભાવ શરૂ કર્યા છે. પરંતુ પાંચ દિવસ બાદ ગોધરા શહેરમાં ગણેશ વિર્સજન યોજાનાર છે અને હવે ગણેશ વિર્સજન કરવામાં ચાર દિવસો બાકી રહ્યા છે. તેમ છતાં ગોધરા પાલિકા તંત્ર દ્વારા ગણેશ મંડળો દ્વારા યોજાનાર ગણેશ વિર્સજન વખતે શ્રીજીની મૂર્તિઓ વિર્સજન સ્થળ સુધી ખંડીત થાય તે રીતે માર્ગો ઉપર થી પસાર થાય તેવા હેતુ સાથે શહેરના જાહેર માર્ગો ઉપર પડેલ ખાડાઓ પુરવા માટે કોઈ વિચારણા કરી હોય તેમ લાગી રહ્યું નથી. જેને લઈ શહેરના ગણેશ મંડળોના આયોજકો પાલિકા તંત્ર રસ્તાઓના ખાડાઓ ગણેશ વિર્સજન પહેલા પુરવા માટે કામગીરી કરે તેવું ઈચ્છી રહ્યા છે.

# વેજલપુર કાનોડ રેલ્વે ફાટક પાસેથી કારમાં લઈ જવાતા દારૂ સાથે એક ઈસમને LCB પોલીસે ઝડપ્યો


તસ્વીર : નુર બાલા, વેજલપુર

વેજલપુર, ગોધરા એલ.સી.બી. પોલીસને બાતમી હતી કે, મારૂતી ઝેન એસ્ટીલો કાર સંતરોડ થી દારૂનો જથ્થો ભરીને નિકળેલ છે અને વેજલપુર કાનોડ રેલ્વે ફાટક થઈ અંતરીયાળ રસ્તે થઈને વડોદરા જનાર છે. તેવી બાતમીના આધારે કાનોડ રેલ્વે ફાટક પાસે વોચ ગોઠવીને ૨૮,૯૭૬/–રૂપીયાના દારૂ સાથે એક ઈસમને ઝડપી પાડ્યો.

પ્રાપ્ત વિગતો પ્રમાણે ગોધરા એલ.સી.બી. પોલીસને બાતમી મળી હતી કે, મારૂતી ઝેન એસ્ટીલો કાર નંબર જીજે.૦૬.ડીકયુ.૯૮૭૭માં સંતરોડ તરફ થી ઈંગ્લીશ દારૂનો જથ્થો ભરીને નિકળેલ છે અને કાનોડ રેલ્વે ફાટર થઈને અંતરીયાળ રસ્તે થી વડોદરા જવાની છે. તેવી બાતમીના આધારે એલ.સી.બી.પોલીસે વોચ ગોઠવીને બાતમીવાળી કાર માંથી અક્ષય છત્રસિંહ બારીયા રહે. ચંચેલાવ ગોધરાને ઝડપી પાડયો હતો. કારનું ચેકીંગ કરતા બીયર ટીન નંગ–૧૧૭, વ્હીસ્કી કાચના હોલ નંગ–૪૮, ડીલક્ષ કાચના કવાટરીયા નંગ–૪ મળી ૨૮,૯૭૬/–રૂપીયાનો દારૂ તેમજ કાર મળી ૧,૨૮,૯૭૬/–રૂપીયાનો મુદ્દામાલ ઝડપી પાડવામાં આવ્યો.

# હાલોલ પાવાગઢ રોડ ઉપર બે આખલાઓ બાખડતાં રાહદારી અને વાહન ચાલકો પરેશાન


તસ્વીર : નરેન્દ્ર પરમાર, હાલોલ

હાલોલ, હાલોલ નગરના પાવાગઢ રોડ પર રખડતા ઢોરોએ આંતક મચાવ્યો છે. જેમાં નગરના બસ સ્ટેન્ડ થી લઈ પાવાગઢ રોડ પર અડિંગો જમાવી બેસી જતા ઢોરો તેમજ અવાર નવાર રોડ રસ્તાઓ પર જાહેરમાં આખલાઓ વચ્ચે જામતા જંગને લઈ વાહન વ્યવહાર તેમજ રસ્તે ચાલતા રાહદારીઓ પરેશાન થઈ જાય છે. જેમાં નગરના હાર્દસમા વિસ્તાર ગણાતા અને સતત હજારો વાહનો અને રાહદારીઓથી સતત ધમધમતા બોમ્બે હાઉસ ત્રણ રસ્તા ખાતે મુખ્ય રોડ પર બે આંખલાઓ વચ્ચે ભયાનક જંગ જામતા અડધો કલાક સુધી રોડ જામ થઈ જવા પામ્યો હતો અને લોકટોળા આ જંગ જોવા ઉમટી પડ્યા હતા. જ્યારે વાહન ચાલકોને પણ આ રસ્તે પસાર થવાની તકલીફ ઊભી થવા પામી હતી. જેમાં સ્વીફ્ટ કાર પસાર થતા આંખલાઓ લડતા–લડતા સ્વીફ્ટ કાર સાથે અથડાતાં કારમાં મોટો ગોબો પડી જવા પામતા સ્વીફ્ટ કારને નુકસાન પહોંચ્યું હતું. જોકે લોકોએ સતર્કતા વાપરતા બે આખલાઓ વચ્ચેના યુદ્ધને લઈ કોઈ ઈજાઓ નુકશાન પહોંચ્યું ન હતું.


પંચમહાલ જિલ્લાના ગોધરા ખાતે શુક્રવારના રોજ બપોરે સમયે મેઘરાજાનું આગમન થતાં વરસી રહેલા વરસાદમાં બાળકો મજા માણી રહ્યા હતા. એ દ્રશ્ય જોઈને પહેલાના જમાના ગીત ગાતા હતા. તેની યાદ આવી જાય છે. આવરે વરસાદ ઉની–ઉની રોટલી ને કારેલાનું શાક આ ગીત બાળકોને વરસાદમાં મોજ મણી રહેલા દ્રશ્ય જોઈ યાદ આવે જાય છે.


ગણેશ મહોત્સવ અંતર્ગત લોકોએ કોરોનાની ગાઈડ લાઈનને ધ્યાનમાં રાખીને ઘરોમાં જ ઉજવણી કરવાનો આનંદ માણવા ગોધરામા આજરોજ અંકુર સોસાયટી, બામરોલી રોડ ખાતે ગણેશ જીની માટીની મૂર્તીની સથાપના કરી રહેલ તસવીરમાં જણાય છે.

# ગોધરાની યુવતિએ વેઈટલીફટીંગમાં ઈન્ડીયા બુક ઓફ રેકોર્ડમાં સ્થાન મેળવ્યું

ગોધરા, પંચહાલ ગોધરા શહેરની અનુષ્કા વૈભવકુમાર પરીખે વેઈટ લીફટીંગમાં ઓછા સમયમાં ડેડ લિફટ કરીને ઈન્ડીયા બુક ઓફ રેકોર્ડ માટે નોમીનેશન ર્ક્યું હતું. ઈન્ડીયા બુક ઓફ રેકોર્ડ માટે જીલ્લા પોલીસવડાની હાજરીમાં ૯૦ કિ.ગ્રા. જેટલું વજન ૯.૪૭ સેકન્ડમાં ઉંચકીને રેકોર્ડ બનાવ્યો છે. ગોધરા શહેરમાં રહેતી અનુષ્કા વૈભવકુમાર પરીખ વેઈટ લીફટીંગમાં ઓછા સમયમાં ડેડ લીફટ કરીને ઈન્ડીયા બુક ઓફ રેકોર્ડ માટે નોમીનેશન ર્ક્યુ હતું. આ ઈન્ડીયા બુક ઓફ રેકોર્ડ માટે તા.૪ ઓગસ્ટના રોજ પંચમહાલ જીલ્લા પોલીસવડા ર્ડા. લીના પાટીલની ઉપસ્થિતીમાં વિડીયો રેર્કોડીંગ કરીને ઈન્ડીયા બુક ઓફ રેકોર્ડ માટે અનુષ્કા પરીખે ૯૦ કિલો ગ્રામ જેટલું વજન ૯.૨૭ સેકન્ડમાં ઉંચકીને રેકોર્ડ બનાવ્યો હતો. આ ડેડ લીફટ કરીને ૯૦ કિલો વજન ૯.૨૭ સેકન્ડમાં ઉંચકીને ઈન્ડીયા બુક ઓફ રેકોર્ડમાં સ્થાન મેળવીને પંચમહાલ જીલ્લા સહિત પોતાના પરિવારનું નામ રોશન ર્ક્યું છે. અનુષ્કા પરીખે ઈન્ડીયા બુક ઓફ રેકર્ડમાં ઓછી સેકન્ડમાં ૯૦ કિલો વજન ઉંચકીને સ્થાન મેળવતા જીલ્લા પોલીસવડા ર્ડા. લીના પાટીલ દ્વારા બહુમાન કરવામાં આવ્યું.


પંચમહાલના હડફ ડેમ માં ૨૦૦ કયુસેક પાણીની આવક નોંધાય છે. પંચમહાલ જિલ્લાના હડપ ડેમમાં ઉપરવાસમાં પડેલા સારા વરસાદના પગલે ડેમ ડેમની સપાટી ૧૬૫.૬૦ મીટર પહોંચી છે. ઉપરવાસ અને સ્થાનિક વરસાદને પગલે હડફ ડેમ માં જળાશયમાં વધારો જોવા મળ્યો છે.